१

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૧૮



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જેમના હૃદયમાં નિજ-પરનો વિવેક પ્રગટ થયો છે, જેમનું ચિત્ત ચંદન સમાન શીતળ છે અર્થાત્ કષાયોનો આતાપ નથી અને નિજપર વિવેક થવાથી જે મોક્ષમાર્ગમાં મોજ કરે છે, જે સંસારમાં અરહંતદેવના લઘુપુત્ર છે અર્થાત્ થોડાં જ સમયમાં અરહંત પદ પ્રાપ્ત કરનાર છે, જેમને મિથ્યાદર્શનનો નાશ કરનાર નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે તે સમ્યગ્દષ્ટિ જીવોની આનંદમય અવસ્થાનો નિશ્ચય કરીને પં. બનારસીદાસજી હાથ જોડીને નમસ્કાર કરે છે. ૧૬૬૫.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, મંગલાચરણ, પદ-૬)

● કામરૂપી સર્પ અત્યંત ભયાનક હૈ. અંતરંગ વિચારસે હી ઉત્પન્ન હોતા હૈ. ઈસકે રાગ-દ્વેષરૂપી દો જબાને હૈ. ઈસકા વશ કરના બહુત કઠિન હૈ. ૧૬૬૬.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૯૭)

● જેણે ત્રણે ભુવન નીચાં કરી રાખ્યાં છે એવી એ આશારૂપ ખાણ અત્યંત અગાધ છે. સંસારપરિણામી જીવોએ અગાધ દ્રવ્ય આજ સુધી નાખ નાખ કરવાં છતાં પણ હજુ સુધી કોઈથી પણ નહિ પુરાએલી એવી એ આશારૂપ ખાણને સત્પુરુષોએ તેમાં રહેલા ધનાદિને કાઢી કાઢીને પૂર્ણ કરી, એ એક પરમ આશ્ચર્ય છે. ૧૬૬૭.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૫૭)

● બધાય પદાર્થો કાલાદિ લબ્ધિ સહિત થતાં અનેક શક્તિયુક્ત છે તેમ જ સ્વયં પરિણમે છે. તેને તેમ પરિણમતાં કોઈ અટકાવવા સમર્થ નથી. ૧૬૬૮.

(સ્વામી કાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૧૯)

● ઈન્દ્રિયોંમેં જીભ પ્રબલ હોતી હૈ, જ્ઞાનાવરણાદિ આઠ કર્મોંમેં મોહકર્મ બલવાન હોતા હૈ. પાંચ મહાવ્રતોંમેં બ્રહ્મચર્યવ્રત પ્રબલ હૈ, ઔર તીન ગુપ્તિયોંમેંસે મનોગુપ્તિ પાલના કઠિન હૈ, યે ચાર બાતેં મુશ્કિલસે સિદ્ધ હોતી હૈં. ૧૬૬૯.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૨૨)

● કરોડો પરિશ્રમો દ્વારા કમાયેલું જે ધન, પુત્રો અને પોતાના જીવનથી પણ લોકોને અધિક પ્રિય છે. નિશ્ચયથી તે ધન માટે દાન સિવાયની બીજી બધી વિપત્તિઓ જ છે—એમ સાધુપુરુષો કહે છે. ૧૬૭૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૪૨)

વર્ષ–૧૨
અંક–૬




વિ. સંવત
૨૦૭૪
February
A.D. 2018



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## પરમાર્થ સમજાવવા વ્યવહારનો ઉપદેશ

અનાદિથી અનાત્મબુદ્ધિના કારણે 'આત્મા' શબ્દ સાંભળવા છતાં તેનું વાચ્ય જે સમજી શકતો નથી, પરંતુ સમજવાની તીવ્ર ઉત્કંઠાથી શ્રીગુરુ સામે આંખો ફાડીને ટગટગ જોઈ રહ્યો છે—એવા નિકટવર્તી જિજ્ઞાસુ શિષ્યને શ્રીગુરુ સમજાવે છે કે : દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંતગુણોવાળો આત્મા તે જ તું છો. એ રીતે 'આત્મા'નો અર્થ સમજતાંની સાથે જ જિજ્ઞાસુની વૃત્તિ-પરિણતિ આત્મા તરફ ઝૂકી જાય છે ને આનંદામૃતનો સાગર તેની પર્યાયમાં ઊછળી આવે છે.

શિષ્યનો પ્રશ્ન છે કે જો ભેદદ્રષ્ટિમાં સરાગીને વિકલ્પ જ રહ્યા કરે છે ને નિર્વિકલ્પદશા થતી નથી તો પછી ભેદનો—વ્યવહારનો ઉપદેશ શા માટે કરો છો ? એક પરમાર્થનો જ ઉપદેશ કરવાને બદલે વ્યવહારનો ઉપદેશ કેમ કર્યો છે ? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કે :

ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,
વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.

જેમ કોઈ અનાર્યને કોઈ બ્રાહ્મણ આશીર્વાદ આપે કે 'સ્વસ્તિ', ત્યારે તે શબ્દ

પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે ચેતનારો તે જ હું,
બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૭. –શ્રી સમયસાર

અને તેના ભાવથી અજાણ એવો અનાર્ય કાંઈપણ નહીં સમજી શકવાને લીધે બ્રાહ્મણ સામે આંખો ફાડીને ટગટગ જોયા કરે છે. જુઓ, આ દૃષ્ટાંત પણ એવા અનાર્યનું લીધું છે કે 'સ્વસ્તિ'નો અર્થ નહીં સમજી શકવા છતાં તેને એટલો તો વિશ્વાસ આવ્યો છે કે કહેનાર મારા હિતનું કાંઈક કહી રહ્યો છે. તેથી કહેનારનો આશય સમજવાની તીવ્ર ઉત્કંઠા વશ આંખો ફાડીને ટગટગ સામું જોવા લાગે છે. ત્યારે અનાર્ય-મ્લેચ્છની ભાષા તથા બ્રાહ્મણની ભાષા સમજનાર બીજો પુરુષ અથવા તે જ બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજાવે છે કે 'તારું અવિનાશી કલ્યાણ થાઓ.' આવો અર્થ સાંભળતાં તુરત જ અતિ આનંદથી જેનાં નેત્રોમાં આંસુઓ ભરાઈ આવે છે એવો તે મ્લેચ્છ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સારી રીતે સમજી જાય છે.

તેવી રીતે અનાદિના અણ-અભ્યાસને લીધે જેને આત્માની ખબર નથી એવા વ્યવહારીજનને 'આત્મા' એમ સીધો પરમાર્થનો ઉપદેશ આપવાથી તે કાંઈ સમજી શકતો નથી કે આ 'આત્મા' એટલે શું ? તેનો અર્થ શો ? ને ભાવ શો ? તેમ છતાં જેને એટલો વિશ્વાસ વર્તે છે કે કહેનાર મારા હિતને અર્થે જ કાંઈક કહે છે, તેથી તે કહેનાર પ્રતિ સમજવાની જિજ્ઞાસાથી આંખો ફાડીને ટગટગ જોયા કરે છે. જુઓ, જિજ્ઞાસુ જીવની પાત્રતા કેવી હોય તેની વાત પણ આવી ગઈ. જેને 'આત્મા' સમજવો હોય તે શ્રીગુરુના ઉપદેશને એકાગ્ર ચિત્તે સાંભળતો હોય છે. આત્માનો ઉપદેશ ચાલતો હોય ત્યારે બીજે-ત્રીજે જોયા કરે કે બીજા વિકલ્પોમાં રહ્યા કરે તેવા બેદરકાર શ્રોતાને માટે આ વાત નથી. અહીં તો જેમ માટીના નવા પાત્રમાં પાણીનું બિંદુ પડે ને તરત ચૂસી લ્યે છે તેમ આત્માને સમજવા જે આંખો ફાડીને ટગટગ નયને શ્રીગુરુના ઉપદેશને સાંભળી રહ્યો છે તેવા જિજ્ઞાસુ જીવોની વાત લીધી છે.

જિજ્ઞાસુ શિષ્યની ઝંખના જોઈને જેઓ પોતે સમ્યગ્જ્ઞાનરૂપી પરમાર્થ માર્ગમાં આરૂઢ છે તથા જેઓ વ્યવહારના જાણકાર છે તેવા વ્યવહાર-પરમાર્થ માર્ગમાં આરૂઢ જ્ઞાની, જિજ્ઞાસુને 'આત્મા'નો અર્થ સમજાવતાં કહે છે કે ભાઈ ! દર્શન-જ્ઞાન-ચારિત્રને હંમેશા જે પ્રાપ્ત હોય તે આત્મા, જાણનારો તે આત્મા, દેખનારો તે આત્મા, પ્રતીત કરનારો તે આત્મા, એકાગ્રતા કરનારો તે આત્મા. એવી એવી અનંત શક્તિના સામર્થ્યવાળો તે આત્મા.—એ રીતે ગુણભેદરૂપ વ્યહારથી પરમાર્થને સમજાવવામાં આવે છે. જુઓ, અહીં ગુણભેદ દ્વારા અભેદને સમજાવવામાં આવ્યો છે. ગુણભેદને વ્યવહાર કહ્યો છે. પરંતુ શુભરાગને અહીં વ્યવહાર કહ્યો નથી. અર્થાત્ રાગવાળો તે આત્મા એમ

**પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૮. –શ્રી સમયસાર**

કહ્યું નથી, કારણ કે જે તેનામાં નથી તેનાથી આત્માને શી રીતે ઓળખાવે ? શરીર, કર્મ, રાગ તેનામાં નથી તેથી તેની હૈયાતી દ્વારા આત્માનું લક્ષ શી રીતે કરાવે ? પરંતુ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનંતગુણો એકવસ્તુરૂપે અભેદપણે આત્મામાં હોવાથી નામથી ભેદ ઉપજાવી વ્યવહારથી એમ સમજાવવામાં આવે છે કે દર્શન તે આત્મા, જ્ઞાન તે આત્મા. જોકે વસ્તુતઃ આત્મામાં એવા ભેદો નથી પરંતુ તેવા અનંતગુણો અભેદરૂપે આત્મામાં પડ્યા જ છે. તેથી ભેદ દ્વારા સમજાવવામાં આવે છે. ભેદ વિના અભેદને સમજાવી શકાતો નથી. પરંતુ તે ભેદ આદરણીય નથી; તે ભેદના લક્ષે નિર્વિકલ્પદશા થતી નથી પરંતુ વિકલ્પ ઊઠે છે.

એ રીતે વર્તમાનમાં પોતે અનંત શક્તિનો પિંડ પરમાત્મતત્ત્વ આત્મા છે એમ આત્માનો અર્થ સાંભળતાં તુરત જ જેની દૃષ્ટિ, જે પર તરફ ઢળતી હતી તે દૃષ્ટિ આત્મા તરફ ઢળી ગઈ અને આત્માનું સમ્યક્ ભાન થઈ ગયું. પહેલાં સાંભળી લઉં, ને પછી સમજીશ—એવા વાયદાવાળા જીવની અહીં વાત ન લેતાં, સાંભળતાં જ પરિણતિ વાચ્ય એવા 'આત્મા' તરફ ઢળી જાય છે તેવા તીવ્ર જિજ્ઞાસુ શિષ્યની અહીં વાત લીધી છે. આત્માના અનંતધર્મોમાં જે વિશેષ ધર્મો છે તેના ભેદ પાડીને 'આત્મા' બતાવતાં તુરત જ જેને અત્યંત આનંદ સાથે જ્ઞાનના તરંગો ઊછળવા લાગે છે તે વ્યવહારીજન—શિષ્ય 'આત્મા'ને સારી રીતે સમજી જાય છે.

જુઓ, કોઈ ધારણાના ભ્રમથી એમ માની બેસે કે અમે આત્માને સારી રીતે ઓળખીએ છીએ, તો તેણે વિચારવું જોઈએ કે પોતાને જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ અનુભવમાં આવ્યો છે ખરો ? અતીન્દ્રિય આનંદ પર્યાયમાં પ્રગટ અનુભવાયો છે ખરો ? અતીન્દ્રિય આનંદપૂર્વક જે જ્ઞાન થાય તેણે જ આત્માને સમજ્યો, અનુભવ્યો કહેવાય.

એ રીતે જગત મ્લેચ્છના સ્થાને છે અર્થાત્ જગતના જીવો 'આત્મા'ને સમજતા ન હોવાથી એકલા પરમાર્થના ઉપદેશથી આત્માને સમજી શકતા નથી. વળી વ્યવહારનય મ્લેચ્છ ભાષાના સ્થાને છે. તેથી પરમાર્થને ભેદ વડે—વ્યવહારથી સમજાવવો પડે છે. આ કારણે અભેદને સમજાવવા માટે ભેદનો—વ્યવહારનો ઉપદેશ સ્થાપન કરવા યોગ્ય છે. પરંતુ જેમ મ્લેચ્છને સમજાવવા જતાં બ્રાહ્મણે મ્લેચ્છ થવું યોગ્ય નથી, તેમ ભેદ અર્થાત્ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

સત્ એક પ્રદેશ પણ અસમીપ નથી, તથાપિ તે પ્રાપ્ત થવાને વિષે અનંત અંતરાય રહ્યાં છે. જીવને કર્તવ્ય એ છે કે, અપ્રમત્તપણે તે 'સત'નું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાનો અખંડ નિશ્ચય રાખવો. (ક્રમશઃ) ❋




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૫)

આત્મા વસ્તુએ નિર્મળ, ગુણે નિર્મળ અને અવસ્થાએ પણ નિર્મળ છે. આત્માનું પોતાનું સ્વરૂપ નિર્મળ છે. કર્મના નિમિત્તે ક્ષણિક રાગાદિ થાય તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ નથી. આત્મા વસ્તુ નિર્મળ, તેની શક્તિ નિર્મળ અને વર્તમાન હાલતમાં પણ તદ્દન શુદ્ધ છે. આ રાગાદિવાળી હાલત તે આત્માનો સ્વભાવ નથી; આવા આત્માના સ્વરૂપનું ભાન તે આત્મજ્ઞાન છે. કર્મના નિમિત્ત વિનાનો જે રીતે સ્વભાવ છે તે રીતે જાણવામાં ન આવ્યો એટલે પરમાં લક્ષ ગયું અને તેથી શરીર અને રાગાદિને પોતાનાં માને છે. પોતાનું અંતર સ્વરૂપ ન જણાયું એટલે કર્મના નિમિત્તે મળેલી 'આ શરીરાદિ પર્યાય તે જ હું છું' એમ માને છે. રાગાદિ રહિત સ્વરૂપ ન સમજાયું ત્યારે ક્યાંક પોતાનું અસ્તિત્વ માન્યા વગર જીવ રહેશે નહીં; તેથી શરીર તે મારું, રાગાદિ મારાં એમ અવસ્થાને પોતાનું સ્વરૂપ માને છે, અને દેહ ધારણ કર્યા કરે છે. આત્મજ્ઞાન થયા પછી દેહ મળતો જ નથી. જ્ઞાનની નિર્મળ અવસ્થા જ મળ્યા કરે છે. આત્મજ્ઞાની શરીરને પોતાનું માનતા નથી. ત્રિકાળ શુદ્ધ સ્વભાવના ભાનમાં કોઈ ગતિનો ભવ બંધાતો નથી, પણ સ્વભાવના અભાનમાં પોતાના સ્વભાવને પરમાં માનવાથી શુભાશુભભાવના નિમિત્તથી વ્યવહારનયે આત્માની નરપર્યાય થાય છે. જ્યારે અસલી પરમાત્મસ્વરૂપ ન સમજાયું ત્યારે જેણે શુભ-અશુભ મિશ્ર ભાવ જેટલો પોતાને માન્યો—તે વ્યવહારે નર થાય છે; આત્માના અસંખ્ય પ્રદેશની પ્રગટ આકૃતિ થાય છે તે વ્યંજનપર્યાય—એ નરપર્યાય છે.

જગતના ગજ જાડા છે, જ્ઞાનીનો ગજ છેલ્લો પરમાણુ છે, પુદ્ગલનો નાનામાં નાનો અંશ તે પરમાણુ છે, અને તે પરમાણુ આકાશના જેટલા ભાગને રોકે તે પ્રદેશ છે; એ પ્રદેશના માપ વડે આપવામાં આવે તો આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો છે; ગમે તે અવસ્થામાં આત્મા અસંખ્ય પ્રદેશને રોકે છે. પ્રદેશ એટલે અવયવ—અંશ, અને પ્રદેશી એટલે અવયવી—આત્મા. મનુષ્યશરીર જેવો આત્માના પ્રદેશોનો આકાર કર્મના નિમિત્તે થાય છે.

**પ્રજ્ઞાથી ગ્રહવો—નિશ્ચયે જે જાણનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર—જાણવું. ૨૯૯.** **–શ્રી સમયસાર**

'શુભ-અશુભ કર્મના નિમિત્તે આત્મા વ્યવહારે મનુષ્ય થાય છે,' એમ કહ્યું—તેમાં મનુષ્ય એટલે આ જડ શરીર નહિ, પણ અરૂપી આત્મપ્રદેશોનો આકાર તે મનુષ્યપર્યાય છે. તે અવસ્થાને પોતાની માની અજ્ઞાની તેને ભોગવે છે; અંદર ત્રિકાળી આનંદસ્વરૂપને ભૂલીને મનુષ્યઆકૃતિ ઉપરના રાગને ભોગવે છે. જેવા સિદ્ધ ભગવાન વીતરાગ છે તેવો જ પરમાર્થે આ આત્મા છે, પણ પોતાના વાસ્તવિક સ્વરૂપના અભાનમાં આ સંસારી જીવ કાંઈક પુણ્ય-પાપથી મળેલા ભાવો અને સાથે માયા-કપટ કરે તે ભાવથી તેને ઢોરનું શરીર મળે છે, એટલે કે ઢોરના શરીર પ્રમાણે આત્માના પ્રદેશોનો આકાર થાય છે.

અનાદિથી શરીરને પોતાનું માનવાની જીવોને ટેવ પડી ગઈ છે, તે ઊંધી ટેવ પાડનાર જ્ઞાન છે; જ્ઞાનમાં જે ટેવ પાડે તે પડે. વિકારને પોતાનો માને છે તેને બદલે વિકાર રહિત શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધાની ટેવ પાડે તો તે પડી શકે છે. અહીં આત્મપ્રદેશોનો આકાર કેવી રીતે થાય છે તેની વાત છે, શરીરની વાત અત્યારે નથી—તે પછી લેવાશે. વ્યવહારનયથી તિર્યંચાદિ થાય અને એવા શરીર પ્રત્યે રાગ કરીને રાગને ભોગવે. શુદ્ધસ્વભાવને ભૂલીને આકૃતિ જેટલો માને અને ચાર ગતિમાં રખડે. આત્માના સ્વભાવના ભાન વિના એકલા શુભ પરિણામોથી બાંધેલા કર્મોના નિમિત્તે વર્તમાન પૂરતી આત્મપ્રદેશોની દેવના શરીરની જેવી આકૃતિ થાય અર્થાત્ દેવશરીર મળે તેને તો 'શરીર એ જ હું' એવી માન્યતા છે. આત્માના ભાન વગર એકલા શુભભાવથી દેવ થાય......પણ પછી......? આત્મજ્ઞાન વિના તે દેવના શરીરને જ પોતાનું માની રાગને ભોગવે છે, પણ પોતાના ભગવાનસ્વરૂપને ભોગવતો નથી, 'હું ભગવાન' એવી સ્વરૂપની વાત પણ સાંભળશે નહિ અને પુણ્યની રુચિ અંતરથી ખસશે નહિ, એટલે દેવશરીરને પોતાનું માનીને જાશે તિર્યંચમાં! અને ચાર ગતિમાં રખડશે.

મદ્ય, માંસ, દારૂ તથા જેમાં ઘણા ત્રસ જીવો હોય એવાં ફળ વગેરે ખાનારા અજ્ઞાનીઓ મહા અશુભપરિણામોથી નરકમાં જાય છે—એટલે કે વર્તમાન પૂરતો નરકદેહ મળે છે, તે આત્માના જ્ઞાન વિના જ મળે છે. સંસારની ચારે ગતિ તે અજ્ઞાનના જ કારણે મળે છે, આત્માના ભાનવાળાને સંસારની કોઈ ગતિ જ નથી, એને તો પોતાના સ્વરૂપનું જ ધણીપણું છે; અને અજ્ઞાની જેવો પોતાનો સ્વભાવ છે તેવો ન જાણતાં ગતિને પોતાનું સ્વરૂપ માને છે, અને જડ શરીરના આકારને પોતાનો આકાર માને છે. શરીર તો જડનો આકાર છે, આત્મા ચૈતન્યસ્વરૂપ છે તેના ભાન વિના શરીરને પોતાનું માની

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)

**સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.** **–શ્રી સમયસાર**



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, લોકનો ઉત્તર-દક્ષિણ વિસ્તાર, ઉંચાઈ તથા તેના ભેદ કહે છે—

**दक्खिण-उत्तरदो पुण, सत्त वि रज्जू हवंति सव्वत्थ ।**
**उड्ढो चउदशरज्जू सत्त वि रज्जूघणो लोओ ॥११९॥**

**मेरुस्स हिट्ठभाए, सत्त वि रज्जू हवेइ अहलोओ ।**
**उड्ढम्हि उड्ढलोओ, मेरुसमो मज्झिमो लोओ ॥१२०॥**

અર્થ :—દક્ષિણ-ઉત્તર દિશામાં સર્વત્ર આ લોકનો વિસ્તાર સાત રાજુ છે, ઉંચાઈ ચૌદ રાજુ છે તથા સાત રાજુનું ઘનપ્રમાણ છે.

મેરુના નીચેના ભાગમાં સાત રાજુ અધોલોક છે, ઉપર સાત રાજુ ઊર્ધ્વલોક છે અને વચ્ચે મેરુ સમાન લાખ યોજનનો મધ્યલોક છે. એ પ્રમાણે ત્રણ લોકનો વિભાગ જાણવો.

ભાવાર્થ :—દક્ષિણ-ઉત્તર સર્વત્ર સાત રાજુ પહોળો અને ચૌદ રાજુ ઊંચાઈમાં છે એવા લોકનું ઘનફળ કરવામાં આવે ત્યારે તે ૩૪૩ ઘનરાજુ થાય છે. એક રાજુ પહોળાઈ, એક રાજુ લંબાઈ તથા એક રાજુની ઊંચાઈવાળા સમાન ક્ષેત્રખંડને ઘનફળ કહેવામાં આવે છે.

મેરુની નીચે સાત રાજૂ અધોલોક છે, ઉપર સાત રાજૂ ઊર્ધ્વલોક છે, વચ્ચે મેરુ સમાન લાખ યોજનનો મધ્યલોક છે. આ પ્રમાણે ત્રણ લોકનો વિસ્તાર જાણવો જોઈએ.

અનાદિ અકૃત્રિમ લોક એવો છે. જ્ઞાનની એવી મહિમા છે કે તે લોકને જેવો છે તેવો જાણી લે છે. અન્યમતમાં જે લોકનું માપ કહે છે, તે અનુસાર ત્રણસો તેતાલીસ રાજુનો મેળ ખાતો નથી.

એક રાજૂમાં અસંખ્યાત યોજન હોય છે. નીચે અધોલોક સાત રાજૂ છે, ઉપર સાત

**અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,**
**કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.**	**–શ્રી સમયસાર**

રાજૂ છે અને મધ્યમાં એક લાખ યોજનનો મધ્યલોક છે. અઢારસો યોજનનો મધ્યલોક નથી પરંતુ એક લાખ યોજનનો મધ્યલોક છે.

હવે, લોક શબ્દનો અર્થ કહે છે—

**दीसंति जत्थ अत्था, जीवादीया स भण्णदे लोओ।**
**तस्स सिहरम्मि सिद्धा, अंतविहीणा विरायंते ॥१२१॥**

અર્થ :—જ્યાં જીવાદિક પદાર્થ જોવામાં આવે છે, તેને લોક કહે છે; તેના શિખર ઉપર અનંત સિદ્ધો બિરાજે છે.

ભાવાર્થ :—વ્યાકરણમાં દર્શનના અર્થમાં 'लुक्' નામનો ધાતુ છે; તેના આશ્રયાર્થમાં અકાર પ્રત્યયથી 'લોક' શબ્દ નીપજે છે. તેથી જેમાં જીવાદિક દ્રવ્યો જોવામાં આવે તેને 'લોક' કહેવામાં આવે છે. તેના ઉપર અંત(ભાગ)માં કર્મરહિત અને અનંત ગુણસહિત અવિનાશી અનંત શુદ્ધ જીવ બિરાજે છે.

लोक्यन्ते दृश्यन्ते जीवादिपदार्थाः यत्र स लोकः —જ્યાં જીવાદિ છ પદાર્થો જોવામાં આવે છે, તેને લોક કહે છે. આ લોકના શિખર ઉપર લોકના મુગટ સમાન અનન્ત સિદ્ધ ભગવંત પરમાનંદદશામાં બિરાજે છે. લોકનું વર્ણન કરતા સર્વોત્કૃષ્ટ સિદ્ધ ભગવંતોનું સ્મરણ કર્યું છે. સિદ્ધદશામાં આત્માના સ્વભાવમાંથી જ પરમાનંદમય સુખ પ્રગટ થાય છે. ત્યાં લાડી-વાડી-ઘોડા આદિ કાંઈ નથી પરંતુ સ્વભાવથી જ સુખ છે.

વ્યાકરણ અનુસાર લોકનો આ અર્થ છે કે જ્યાં જીવાદિ પદાર્થ જોવામાં આવે તે લોક છે. આ લોકના ઉપર અંત ભાગમાં—લોકાગ્રમાં અનંત સિદ્ધ ભગવાન કર્મરહિત અને અનંત ગુણસહિત બિરાજમાન છે. તે સિદ્ધ ભગવાન મુક્તિશિલાથી પણ ઘણા ઉંચા છે.

અહાહા! મારો સ્વભાવ તો કેવળજ્ઞાનમય છે, મારા જ્ઞાનમાં આ લોક-અલોક સર્વે પ્રમેય છે; આ પ્રમાણે જ્ઞાનની પ્રતીતિપૂર્વક ધર્મી જીવ, છ દ્રવ્યસ્વરૂપ લોકને જાણે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ બધાને જાણે છે પરંતુ કોઈની તોડ-ફોડ કરતું નથી, ફેરફાર કરતો નથી.

હવે, આ લોકમાં જીવાદિક છ દ્રવ્ય છે તેનું વર્ણન કરે છે. ત્યાં પ્રથમ જ જીવદ્રવ્ય વિષે કહે છે :—

**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.　　–શ્રી સમયસાર**

एइंदिएहिं भरिदो पंचपयारेहिं सव्वदो लोओ।
तसणाडीए वि तसा ण बाहिरा होंति सव्वत्थ ॥१२२॥

અર્થ :—આ લોક પૃથ્વી, અપ, તેજ, વાયુ અને વનસ્પતિ—એ પાંચ પ્રકારની કાયાના ધારક એવા જે એકેન્દ્રિય જીવો તેનાથી સર્વત્ર ભરેલો છે; વળી ત્રસ જીવો ત્રસનાડીમાં જ છે–બહાર નથી.

ભાવાર્થ :—સમાન પરિણામની અપેક્ષાએ ઉપયોગ લક્ષણવાળો જીવદ્રવ્ય સામાન્યપણે એક છે તોપણ વસ્તુ (જીવો) ભિન્નપ્રદેશપણાથી પોતપોતાના સ્વરૂપ સહિત જુદી જુદી અનંત છે. તેમાં જે એકેન્દ્રિય છે, તે તો સર્વલોકમાં છે તથા બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય અને પંચેન્દ્રિય ત્રસ જીવો છે તે ત્રસનાડીમાં જ છે.

હવે, આ લોકમાં જીવાદિ છ દ્રવ્યો છે, તેનું વર્ણન કરે છે. તેમાં પ્રથમ જીવ દ્રવ્યનું વર્ણન કરે છે.

બધા જીવોમાં ઉપયોગ લક્ષણ એક સમાન છે. ચૈતન્યઅનુવિધાયીપરિણામ, તે ઉપયોગ છે એટલે કે ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામ, તે ઉપયોગ છે. તે ઉપયોગની અપેક્ષાએ બધા જીવો સમાન છે. આ સામાન્ય ઉપયોગ અપેક્ષાથી વાત છે. નિયમસારમાં ત્રિકાળ શુદ્ધ—એવો સ્વરૂપ પ્રત્યક્ષ ઉપયોગ અપેક્ષાએ બધા જ જીવોને સમાન કહ્યા છે અને અહીંયા ઉપયોગના પરિણામની અપેક્ષાએ બધા જીવોને સમાન કહ્યા છે. ઉપયોગમાં થવાવાળી હીનાધિકતાને મુખ્ય ન કરતા થકા, ઉપયોગ અપેક્ષાએ બધા જીવો સમાન છે તો પણ તેમાં પ્રત્યેક જીવના પોતપોતાના પ્રદેશ ભિન્ન છે—એવા જીવ અનંત છે. તેમાં જે એકેન્દ્રિય છે તે તો સંપૂર્ણ લોકમાં સર્વત્ર છે અને બેઇન્દ્રિયાદિ ત્રસજીવ, ત્રસનાડીમાં જ છે. (ક્રમશઃ) ❊

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ)

રાગને ભોગવે છે, કેમ કે રાગરહિત સ્વરૂપની તો પોતાને ખબર નથી. વ્યંજનપર્યાયમાં અહીં શરીરની આકૃતિ પણ લીધી છે, કેમ કે અજ્ઞાનભાવમાં રહેલો જીવ શરીરને જ પોતાનું સ્વરૂપ માને છે. પોતાના શુદ્ધસ્વરૂપનો અજાણ તે વિભાવવ્યંજનપર્યાયને પોતાનું સ્વરૂપ માને છે. (ક્રમશઃ) ❊

**ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,**
**ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. ૩૦૩.　　–શ્રી સમયસાર**

# સ્વતંત્રતાની ઘોષણા

(ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતાં ખાસ પ્રવચન)

ભગવાન સર્વજ્ઞદેવે જોયેલો વસ્તુસ્વભાવ કેવો છે, તેમાં કર્તા-કર્મપણું કઈ રીતે છે તે અનેક પ્રકારે દૃષ્ટાન્ત અને યુક્તિથી ઘૂંટી ઘૂંટીને સમજાવીને, તે સ્વભાવના નિર્ણયમાં કઈ રીતે મોક્ષમાર્ગ આવે છે તે પૂ. ગુરુદેવે આ બે પ્રવચનોમાં બતાવ્યું છે. આમાં ગુરુદેવે ઘૂંટી ઘૂંટીને ભેદજ્ઞાન કરાવ્યું છે ને વીતરાગમાર્ગના રહસ્યભૂત સ્વતંત્રતાની ઘોષણા કરતાં કહ્યું છે કે—સર્વજ્ઞદેવે કહેલા આ પરમ સત્ય વીતરાગી વિજ્ઞાનને સમજશે તેનું અપૂર્વ કલ્યાણ થશે.

કર્તા-કર્મસંબંધી ભેદજ્ઞાન કરાવતાં આચાર્યદેવ કહે છે કે—

**ननु परिणाम एव किल कर्म विनिश्चयतः**
**स भवति नापरस्य परिणामिन एव भवेत्।**
**न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया**
**स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः ॥२११॥**

વસ્તુ પોતે જ પોતાના પરિણામની કર્તા છે, ને બીજા સાથે તેને કર્તા-કર્મપણું નથી—એ સિદ્ધાન્તને અહીં ચાર બોલથી આચાર્યદેવે સ્પષ્ટ સમજાવ્યો છે—

૧. પરિણામ એટલે કે પર્યાય તે જ કર્મ છે—કાર્ય છે.

૨. તે પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ હોય છે, અન્યના નહિ; કેમકે પરિણામ પોતપોતાના આશ્રયભૂત પરિણામી (દ્રવ્ય)ના આશ્રયે હોય છે. અન્યના પરિણામ અન્યના આશ્રયે હોતા નથી.

૩. કર્મ કર્તા વગર હોતું નથી, એટલે કે પરિણામ વસ્તુ વગર હોતા નથી.

૪. વસ્તુની સદા એકરૂપ સ્થિતિ (કૂટસ્થતા) હોતી નથી, કેમકે વસ્તુ દ્રવ્ય—પર્યાયસ્વરૂપ છે.

—આ રીતે, આત્મા કે જડ બધીયે વસ્તુ સ્વયં પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે—એ વસ્તુસ્વરૂપનો મહા સિદ્ધાન્ત આચાર્યદેવે સમજાવ્યો છે.—તેના ઉપરનું

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત—એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪. –શ્રી સમયસાર**

આ પ્રવચન છે. આ પ્રવચનમાં અનેક પડખાંથી સ્પષ્ટીકરણ કરીને ગુરુદેવે ભેદજ્ઞાન ઘૂંટી ઘૂંટીને સમજાવ્યું છે.

જુઓ, આમાં વસ્તુસ્વરૂપનો સિદ્ધાન્ત ચાર બોલથી સમજાવ્યો છે. આ જગતમાં છ વસ્તુ છે, આત્માઓ અનંત છે, પુદ્‌ગલપરમાણુઓ અનંત છે, તથા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ,—આમ છએ પ્રકારની જે વસ્તુ અને તેના સ્વરૂપનો વાસ્તવિક નિયમ શું છે ? સિદ્ધાન્ત શું છે ? તે અહીં ચાર બોલથી સમજાવે છે.

## (૧) પરિણામ તે જ કર્મ છે.

પ્રથમ તો 'ननु परिणाम एव किल कर्म विनिश्चयतः'—એટલે કે પરિણામી વસ્તુના જે પરિણામ છે તે જ નિશ્ચયથી (ચોક્કસપણે) તેનું કર્મ છે. કર્મ એટલે કાર્ય; પરિણામ એટલે અવસ્થા; પદાર્થની અવસ્થા તે જ ખરેખર તેનું કર્મ–કાર્ય છે. પરિણામી એટલે આખી વસ્તુ, તે જે ભાવરૂપે પરિણમે છે તેને પરિણામ કહેવાય છે. પરિણામ કહો, કર્તવ્ય કહો, કાર્ય કહો, પર્યાય કહો કે કર્મ કહો,–તે વસ્તુના પરિણામ જ છે.

જેમકે–આત્મા જ્ઞાનગુણસ્વરૂપ છે, તેનું પરિણમન થતાં જ્ઞાનની જાણવાની પર્યાય થઈ તે તેનું કર્મ છે, તે તેનું વર્તમાન કાર્ય છે. રાગ કે દેહ તે કાંઈ જ્ઞાનનું કાર્ય નથી; પણ 'આ રાગ છે, આ દેહ છે' એમ તેને જાણનારું જ્ઞાન છે તે આત્માનું કાર્ય છે. આત્માના પરિણામ તે આત્માનું કર્મ છે અને જડના પરિણામ એટલે જડની અવસ્થા તે જડનું કાર્ય છે;—આ રીતે એક બોલ કહ્યો.

## (૨) પરિણામ વસ્તુનું જ હોય છે, બીજાનું નહિ.

હવે આ બીજા બોલમાં કહે છે કે જે પરિણામ થાય છે તે પરિણામી પદાર્થનું જ થાય છે; તે કોઈ બીજાના આશ્રયે થતું નથી. જેમકે શ્રવણ વખતે જે જ્ઞાન થાય છે તે કાર્ય છે–કર્મ છે. તે કોનું કાર્ય છે ? તે કાંઈ શબ્દોનું કાર્ય નથી પણ પરિણામી વસ્તુ જે આત્મા તેનું જ તે કાર્ય છે. પરિણામી વગર પરિણામ હોય નહિ. આત્મા પરિણામી છે–તેના વગર જ્ઞાનપરિણામ ન હોય–એ સિદ્ધાન્ત છે. પણ વાણી વગર જ્ઞાન ન થાય–એ વાત સાચી નથી. શબ્દ વગર જ્ઞાન ન હોય–એમ નહિ, પણ આત્મા વગર જ્ઞાન ન હોય. આ રીતે પરિણામીના આશ્રયે જ જ્ઞાનાદિ પરિણામ છે.

જુઓ, આ મહા સિદ્ધાન્ત છે; વસ્તુસ્વરૂપનો આ અબાધિત નિયમ છે.

**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫. –શ્રી સમયસાર**

પરિણામીના આશ્રયે જ તેના પરિણામ થાય છે. જાણનાર આત્મા તે પરિણામી છે, તેના આશ્રયે જ જ્ઞાન થાય છે; તે જ્ઞાનપરિણામ આત્માના છે, વાણીના નહિ. વાણીના રજકણોના આશ્રયે તે જ્ઞાનપરિણામ નથી થતા, પણ જ્ઞાનસ્વભાવી આત્મવસ્તુના આશ્રયે તે પરિણામ થાય છે. આત્મવસ્તુ ત્રિકાળ ટકનાર પરિણામી છે તે પોતે રૂપાંતર થઈને નવી નવી અવસ્થાપણે પલટે છે. તેના જ્ઞાન–આનંદ વગેરે જે વર્તમાન ભાવો છે તે તેના પરિણામ છે.

'પરિણામ' પરિણામીના જ છે ને બીજાના નથી–એમાં જગતના બધા પદાર્થોનો નિયમ આવી જાય છે. પરિણામ પરિણામીના જ આશ્રયે હોય છે, બીજાના આશ્રયે હોતા નથી. જ્ઞાનપરિણામ આત્માના આશ્રયે છે, વાણી વગેરે બીજાના આશ્રયે જ્ઞાનના પરિણામ નથી. એટલે આમાં પર સામે જોવાનું ન રહ્યું; પણ પોતાની વસ્તુ સામે જોઈને સ્વસન્મુખ પરિણમવાનું રહ્યું; તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

વાણી તે અનંતા જડ–પરમાણુઓની અવસ્થા છે, તે તેના પરમાણુઓના આશ્રયે છે. બોલવાની જે ઈચ્છા થઈ તેના આશ્રયે ભાષાના પરિણામ ત્રણકાળમાં નથી. હવે ઈચ્છા થઈને ભાષા નીકળી તે વખતે તેનું જે જ્ઞાન થયું, તે જ્ઞાન આત્માના આશ્રયે જ થયું છે. ભાષાના આશ્રયે કે ઈચ્છાના આશ્રયે તે જ્ઞાન થયું નથી.

પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના જ થાય છે, બીજાના આશ્રયે થતા નથી,–આમ અસ્તિ-નાસ્તિથી અનેકાન્ત કરીને વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે. સત્યના સિદ્ધાન્તની એટલે કે વસ્તુના સત્‌સ્વરૂપની આ વાત છે, તેને ઓળખ્યા વગર મૂઢપણે અજ્ઞાનમાં જ જીવન ગાળી નાંખે છે. પણ ભાઈ! આત્મા શું ? જડ શું ? તેની ભિન્નતા સમજીને વસ્તુસ્વરૂપના વાસ્તવિક સત્‌ને જાણ્યા વગર જ્ઞાનમાં સત્‌પણું થાય જ નહિ, એટલે સમ્યગ્જ્ઞાન થાય નહિ; વસ્તુસ્વરૂપના સત્યજ્ઞાન વગર રુચિ ને શ્રદ્ધા પણ સાચી થાય નહિ, સાચી શ્રદ્ધા વગર વસ્તુમાં સ્થિરતારૂપ ચારિત્ર પ્રગટે નહિ, શાંતિ થાય નહિ, સમાધાન કે સુખ થાય નહિ. માટે વસ્તુસ્વરૂપ શું છે તે પહેલા સમજ. વસ્તુસ્વરૂપ સમજતાં, મારા પરિણામ પરથી ને પરના પરિણામ મારાથી–એવી પરાશ્રિતબુદ્ધિ રહે નહિ એટલે સ્વાશ્રિત–સ્વસન્મુખ પરિણમન પ્રગટે, તે ધર્મ છે. (ક્રમશઃ)

*

**પ્રતિક્રમણ, ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃતિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા—એ અષ્ટવિધ વિષકુંભ છે. ૩૦૬. –શ્રી સમયસાર**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

અજ્ઞાનીને પુણ્ય-પાપ સુખકર લાગે છે, તે પુણ્ય-પાપમાં રોકાયો છે. ત્યાગી થાય, મુનિ થાય તોપણ વ્રત, તપમાં પરમાર્થધર્મ માની બેઠો છે, તેથી તેને ઘણો મેલ લાગ્યો છે. હવે સવળી વાત કરે છે. ચિદાનંદ જાગતી જ્યોતિ છે, તેમાં જેટલો વિકાર થાય તે દોષ છે, સ્વભાવમાં દોષ નથી, માટે જ્ઞાનને ઉરમાં આણ. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ પ્રતીતિ હોય જ.

હું જ્ઞાનસ્વભાવી છું, હું શરીરાદિને ચલાવું કે પરપદાર્થોને લાવું કે મૂકું તે મારા સ્વભાવમાં નથી;—આમ ભેદજ્ઞાન કરવું. પુણ્ય-પાપની ક્રિયા તે વિપરીતકરણી છે, તેને ભેદી અંતરમાં લીનતા કરી સાધકતાને સાધી મહાન થાય છે. આને સમ્યગ્દર્શન કહેવાય છે.

જે રાગ અને પુણ્ય વગેરેમાં એકત્વબુદ્ધિ કરી મિથ્યાધ્યાન હતું તે ટાળીને સ્વભાવમાં રાગરહિત થઈને એકાગ્ર થયો. સ્વભાવમાં એકાગ્રતા કરતાં સિદ્ધના જેવો અંશે આનંદ પ્રગટાવી સુધાનું પાન કરે તે અનુભવ છે.

આ ગૃહસ્થાશ્રમમાં રહેતા સમકિતીની વાત છે. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કરી સ્વરૂપ તરફ એકાગ્રતા કરી અંતરઆનંદનો પાન કરે. પૂર્ણાનંદ પદનું કારણ પોતાનો અનુભવ છે. આ કાળે અનુભવ થઈ શકે છે, આત્માના અંતર્‌આનંદનો રસ આવ્યો તેને અનુભવ કહે છે.

હે આત્મા ! શુભરાગથી તારો પાર પમાય એમ નથી, અંતર્મુખ વિશ્રામ કરે તો થાક ઉતરે તેમ છે. પોતાના સ્વકાળમાં અનાકુળ સ્વભાવ પડ્યો છે. જડ ઈન્દ્રિય આત્માનું કાંઈ હરતી નથી. તેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તેના કારણે છે, તે મૂર્ત જડ છે અને આત્મા અમૂર્ત ચૈતન્ય છે. બન્નેનાં કાર્યો જુદાં છે, પણ જે જ્ઞાનપર્યાય પરને પોતાનાં માને તે ભાવેન્દ્રિય ચોર છે. તે જ્ઞાનપર્યાયને અંતરમાં વાળવી ને શરીરની માયા ભૂલવી એટલે કે શરીર મારાથી જુદું છે એમ માનવું. પોતે પરમેશ્વર સ્વરૂપ છે, મારો ભગવાન બીજો

**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ—અમૃતકુંભ છે. ૩૦૭.** **–શ્રી સમયસાર**

કોઈ નથી. પરમાણુની પર્યાય ઈશ્વર કે જીવ કરી શકે નહિ. જ્ઞાનીને શુભરાગ આવે છે પણ તેનાથી પરમાણુની અવસ્થા થતી નથી. ધર્મી શુભરાગને પણ અધર્મ માને છે. અજ્ઞાની જીવ ચિદાનંદની પુષ્ટિ ચૂકી બાહ્ય ક્રિયાકાંડની પુષ્ટિ કરે છે.

જ્ઞાનીએ કાયાની માયા ભૂલી પોતાનું સ્વરૂપપદ પોતામાં નિહાળ્યું. ભગવાન ઘટમાં નથી પણ અઘટઘટમાં એટલે કે શરીર વિનાના પોતાના સ્વરૂપમાં છે. જ્ઞાનાનંદ જલ શરીરના પરમાણુરૂપી કાંકરાથી જુદું છે. આવા જુદા તત્ત્વને નિહાળવું તે અનુભવ છે. મારું જ્ઞાન ઉપમા વિનાનું છે, તે મારામાં વ્યાપીને રહ્યું છે. રાગ સાથે વ્યાપ્યું નથી—આમ અનુપમ ચિદ્રૂપને ઓળખવું તે ધર્મ છે.

દયા-દાનાદિથી ધર્મ થાય છે, રાગ મારી ચીજ છે, એવો ભ્રમભાવને મટાડ્યો ને અંતરમાં દિવ્યશક્તિરૂપ ભગવાન દીઠો. ધ્રુવસ્વરૂપ અચલ વસ્તુ પડી છે, આવું ભાન થવું તેને સમ્યગ્દર્શનરૂપ ધર્મ કહે છે.

પ્રથમ શ્રવણ કરીને પોતાનું સ્વરૂપ ખ્યાલમાં લેવું જોઈએ. સ્વભાવમાં અભેદ થવાની ટેવ છે પણ રાગ સાથે અભેદ થવાની ટેવ નથી, પર્યાયને અંતરમાં એકાગ્ર કરવાનો જ અભ્યાસ થઈ ગયો છે,—એવી અભેદ ટેવવાળો દેવ દીઠો.

કેવો છે ભગવાન આત્મા ? પરથી જુદો નિત્ય જ્ઞાનમય છે, રાગમય નથી. પુણ્ય-પાપના વિકલ્પ અશાશ્વત છે, જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે અશાશ્વત છે. ભગવાન આત્મા શાશ્વત છે. નવતત્ત્વમાં આત્મતત્ત્વ આવું હોય તેની વાત ચાલે છે. તેનું ભાન કરી, જે પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય તે સંવર-નિર્જરા છે. અનાદિ મિથ્યાદષ્ટિના જ્ઞાન ને વીર્યની ક્ષયોપશમભાવરૂપી પર્યાય જે રાગ તથા અધૂરાશને સ્વીકારે છે તે અચેતન તત્ત્વમાં જાય છે, અજીવમાં જાય છે.

હે આત્મા ! તારાં ગાણાં જો, ''મારા નયનની આળસે હરિને ન જોયા'' એમ કહે છે. પોતે નારાયણ છે, પોતાના જ્ઞાનનેત્ર અંતર્મુખ વાળવા જોઈએ પણ તેમ ન કર્યું. તેની આળસે એટલે કે પુણ્ય-પાપ તરફ વાળવાથી હરિને એટલે કે પોતાના ભગવાન આત્માને ન જોયા.

જે પુણ્ય-પાપભાવ થાય છે તે પોતાનો અપરાધ છે. અજ્ઞાની લોકો કર્મને લીધે અપરાધ માને છે તે ભ્રાંતિ છે.

**જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,**
**જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. ૩૦૮.** —**શ્રી સમયસાર**

અહીં કહે છે કે ભવ ને ભવનાં કારણ તે મારી વસ્તુ નથી. જે ભાવથી દેવનો ભવ મળે તે વિકાર છે. ભવનાં કારણથી ઉદાસીન થઈને તથા પુણ્ય-પાપથી ઉદાસીન થઈ મારો આત્મા જ મને સુખનું કારણ છે એમ નિર્ણય કરે તો સુખ થાય. પછી પરિણતિ બહારમાં ન વહે.—આમ શાશ્વતપદના નિવાસીએ સુખરાશી લીધી.

જ્ઞાતાદૃષ્ટા ત્રિકાળી સ્વભાવને પ્રગટ કરે ને અંતર એકાગ્રતા કરે. સ્વપદનું વસવું પોતામાં છે, પુણ્ય-પાપના પરિણામ પરપદ છે. જેમ હરણિયું કસ્તૂરીની ગંધ બહારથી આવતી હશે તેમ માની ઢૂંઢે છે તેમ અજ્ઞાની અનાદિથી જ્ઞાનપર્યાય બહારમાં ઢૂંઢે છે, પણ અંતરમાં જ્ઞાનસામર્થ્યને માનતો નથી. પૈસા આવે કે જાય તે જડ છે, શરીર જડ છે, રાગ કૃત્રિમ છે, પોતે જ્ઞાનસ્વભાવી નિત્ય છે. તેનો ભરોસો કરતો નથી, તે પોતાની ભૂલ છે. પોતે ઊંધાઈ કરે તો દોષ થાય છે. પોતે અજ્ઞાન કરે છે તે જડ નથી, અજ્ઞાન કે વિકાર પોતાની ભૂલ છે, અરૂપી છે, કર્મ ભૂલ કરાવતું નથી.

જેવી રીતે મૃગલો સુગંધ બહારમાં શોધે પણ તે સુગંધ બહારમાં ન મળે, તેમ આત્મા ચિદાનંદસ્વરૂપ છે, તેના સ્વરૂપને પીછાને નહિ ને પરમાં શોધે તો મળે નહિ, સુખ બહારથી આવતું નથી, આત્મા જ્ઞાયકજ્યોતિ છે, તેની પ્રતીતિ કરતો નથી ને પુણ્ય-પાપમાં રોકાઈ જાય તેને પોતાનું પદ મળતું નથી.

પોતે મોહમાં રોકાણો છે તેથી પોતાને સૂઝતો નથી, ધર્મદશા સ્વભાવના આશ્રયે થયેલી નિર્વિકારી દશા છે, સંસાર આત્માની વિકારી દશા છે. બન્ને આત્મામાં થાય છે, જડને લીધે નથી ને જડમાં નથી. (ક્રમશઃ)

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ)

ધર્માત્મા હાથીને દેખીને બધાને તેની ઉપર ઘણો પ્રેમ આવે છે. તપ કરવાથી ધીમે ધીમે તેનું શરીર દૂબળું પડવા લાગ્યું, ને અંતે ધર્મધ્યાનપૂર્વક દેહ છોડીને તે પાછો છઠ્ઠા સ્વર્ગમાં ગયો...ને થોડા કાળમાં મોક્ષ પામશે. બાળકો, હાથીની સરસ વાર્તા પૂરી થઈ. તે વાંચીને તમે પણ હાથી જેવા થાજો. હાથી જેવા જાડા નહીં હો, પણ હાથી જેવા ધર્માત્મા થાજો...આત્માને ઓળખી ને મોક્ષને સાધજો.

**જીવ–અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,**
**તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. ૩૦૯. –શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## જ્ઞાનમાં ભવ નથી

જેણે મનના અવલંબને પ્રવર્તતા જ્ઞાનને મનથી છોડાવી સ્વ તરફ વાળ્યું છે અર્થાત્ મતિજ્ઞાન પર તરફ વળતું તેને મર્યાદામાં લઈને આત્મસન્મુખ કર્યું છે તેના જ્ઞાનમાં અનંત સંસારનો નાસ્તિભાવ અને જ્ઞાનસ્વભાવનો અસ્તિભાવ છે. આવી સમજણ અને આવું જ્ઞાન કરવું તેમાં અનંત પુરુષાર્થ છે. સ્વભાવમાં ભવ નથી, તેથી જેને સ્વભાવ તરફનો પુરુષાર્થ ઊગ્યો તેને ભવની શંકા રહેતી નથી. જ્યાં ભવની શંકા છે ત્યાં સાચું જ્ઞાન નથી અને જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં ભવની શંકા નથી—આ રીતે 'જ્ઞાન' અને 'ભવ'ની એક બીજામાં નાસ્તિ છે.

પુરુષાર્થ વડે સત્સમાગમથી એકલા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કર્યો પછી 'હું અબંધ છું કે બંધવાળો છું, શુદ્ધ છું કે અશુદ્ધ છું, ત્રિકાળ છું કે ક્ષણિક છું' એવી જે વૃત્તિઓ ઊઠે તેમાં પણ હજી આત્મશાંતિ નથી, તે વૃત્તિઓ આકુળતામય છે—આત્મશાંતિની વિરોધિની છે. નયપક્ષોના અવલંબનથી થતા મનસંબંધી અનેક પ્રકારના વિકલ્પો તેને પણ મર્યાદામાં લાવીને અર્થાત્ તે વિકલ્પોને રોકવાના પુરુષાર્થ વડે શ્રુતજ્ઞાનને પણ આત્મસન્મુખ કરતાં શુદ્ધાત્માનો અનુભવ થાય છે; આ રીતે મતિ અને શ્રુતજ્ઞાનને આત્મસન્મુખ કરવા તે જ સમ્યગ્દર્શન છે. ઈન્દ્રિય અને મનના અવલંબને મતિજ્ઞાન પર લક્ષે પ્રવર્તતું તેને, અને મનના અવલંબને શ્રુતજ્ઞાન અનેક પ્રકારના નયપક્ષોના વિકલ્પોમાં અટકતું તેને એટલે કે પરાવલંબને પ્રવર્તતા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને મર્યાદામાં લાવીને—અંતરસ્વભાવસન્મુખ કરીને, એક જ્ઞાનસ્વભાવને પકડીને (લક્ષમાં લઈને) નિર્વિકલ્પ થઈને તત્કાળ નિજરસથી જ પ્રગટ થતા શુદ્ધાત્માનો અનુભવ કરવો, તે અનુભવ જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

આ રીતે અનુભવમાં આવતો શુદ્ધાત્મા કેવો છે તે કહે છે :—આદિ-મધ્ય-અંત રહિત ત્રિકાળ એકરૂપ છે, તેમાં બંધ-મોક્ષ નથી, અનાકુળતાસ્વરૂપ છે, 'હું શુદ્ધ છું કે અશુદ્ધ છું' એવા વિકલ્પથી થતી જે આકુળતા તેનાથી રહિત છે. લક્ષમાંથી પુણ્ય-પાપનો આશ્રય છૂટતાં એકલો આત્મા જ અનુભવમાં આવે છે, કેવળ એક આત્મામાં પુણ્ય-

**ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,**
**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. ૩૧૦.** **–શ્રી સમયસાર**

પાપના કોઈ ભાવો નથી, જાણે કે આખાય વિશ્વ ઉપર તરતો હોય એટલે કે સમસ્ત વિભાવોથી જુદો થઈ ગયો હોય તેવો ચૈતન્યસ્વભાવ છૂટો અખંડ પ્રતિભાસમય અનુભવાય છે. આત્માનો સ્વભાવ પુણ્ય-પાપની ઉપર તરતો છે, એટલે તેમાં ભળી જતો નથી, તેરૂપ થતો નથી, પરંતુ તેનાથી છૂટો ને છૂટો રહે છે. વળી અનંત છે એટલે કે જેના સ્વભાવનો કદી અંત નથી, પુણ્ય-પાપ તો અંતવાળા છે, જ્ઞાનસ્વરૂપ અનન્ત છે, અને વિજ્ઞાનઘન છે—એકલા જ્ઞાનનો જ પિંડ છે. એકલા જ્ઞાનપિંડમાં રાગ-દ્વેષ જરા પણ નથી. રાગનો અજ્ઞાનભાવે કર્તા હતો પણ સ્વભાવભાવે રાગનો કર્તા નથી. અખંડ આત્મસ્વભાવનો નિર્ણય કરીને પછી, સમસ્ત વિભાવભાવોનું લક્ષ છોડીને જ્યારે આ આત્મા, વિજ્ઞાનઘન (એટલે જેમાં કોઈ વિકલ્પો પ્રવેશ કરી શકે નહિ એવા જ્ઞાનના નિબડ પિંડરૂપ) પરમાત્મસ્વરૂપ સમયસારને અનુભવે છે ત્યારે તે પોતે જ સમ્યગ્દર્શનરૂપ છે.

## નિશ્ચય અને વ્યવહાર

આમાં નિશ્ચય-વ્યવહાર બંને આવી જાય છે. અખંડ વિજ્ઞાનઘનસ્વરૂપ જ્ઞાનસ્વભાવી આત્મા તે નિશ્ચય છે અને પરિણતિને સ્વભાવસન્મુખ કરવી તે વ્યવહાર છે. મતિશ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળવાના પુરુષાર્થરૂપી જે પર્યાય તે વ્યવહાર છે, અને અખંડ આત્મસ્વભાવ તે નિશ્ચય છે. જ્યારે મતિ-શ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળ્યા અને આત્માનો અનુભવ કર્યો તે જ વખતે આત્મા સમ્યક્પણે દેખાય છે—શ્રદ્ધાય છે. આ સમ્યગ્દર્શન પ્રગટવા વખતની વાત કરી છે.

## સમ્યગ્દર્શન થતાં શું થાય?

સમ્યગ્દર્શન થતાં સ્વરસનો અપૂર્વ આનંદ અનુભવાય છે, આત્માનો સહજ આનંદ પ્રગટ થાય છે, આત્મિક આનંદનો ઊછાળો આવે છે, અંતરમાં આત્મશાંતિનું વેદન થાય છે, આત્માનું સુખ અંતરમાં છે તે પ્રગટ અનુભવવામાં આવે છે; એ અપૂર્વ સુખનો રસ્તો સમ્યગ્દર્શન જ છે. 'હું ભગવાન આત્મા સમયસાર છું' એમ જે નિર્વિકલ્પ શાંતરસ અનુભવાય છે તે જ સમયસાર અને સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે. અહીં તો સમ્યગ્દર્શન અને આત્મા બંને અભેદ લીધા છે. આત્મા પોતે સમ્યગ્દર્શન-સ્વરૂપ છે.

(ક્રમશઃ) ❊

**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. ૩૧૧.** **–શ્રી સમયસાર**

# જીવન ધર્મને માટે છે–ધનને માટે નહિ

આ અવસર સ્વભાવધર્મનું સાધન કરવા માટે છે, ધનની વૃદ્ધિ માટે નહિ. માટે હે જીવ ! ઈષ્ટ એવો જે સ્વભાવ તેને સાધવાનો ઉદ્યમ કર....ધનની વૃદ્ધિને અર્થે આ જીવનને વેડફી ન નાંખ.

ઈષ્ટ ઉપદેશ એટલે કે આત્માના હિતનો ઉપદેશ આપતાં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે અરે જીવ ! આત્માના સ્વભાવધર્મનું સાધન કરવા માટે આ અવસર છે. એમાં સ્વભાવનું સાધન કરવાને બદલે ધનને વધારવા માટે તું આ અવસર વેડફી નાખે છે તો તારા જેવો મૂર્ખ કોણ ? તું દિનરાત ધનની વૃદ્ધિ અર્થે પ્રયત્ન કરીને પાપ બાંધે છે, ને સ્વભાવધર્મનું સાધન તું કરતો નથી. આયુષ્ય અને પુણ્ય ઘટે છે છતાં ધનની વૃદ્ધિથી તું માને છે કે હું વધ્યો, પણ ભાઈ, એમાં તારું કાંઈ હિત નથી. તારું હિત તો એમાં છે કે તું તારા સ્વભાવનું સાધન કર....આત્માના મોક્ષને માટે પ્રયત્ન કર. આ ભવ છે તે ભવના અભાવને માટે છે એમ સમજીને તું આત્માના હિતનો ઉદ્યમ કર, આવો હિતકારી ઈષ્ટ ઉપદેશ સંતોએ આપ્યો છે.

અરે ! ધનનો લોલુપી માણસ પોતાના જીવન કરતાંય ધનને વહાલું ગણે છે. કાળ જતાં ધનનું વ્યાજ વધે છે એમ તે ગણતરી કરે છે પણ આયુષ્ય ઘટતું જાય છે એનો એને કાંઈ વિચાર નથી એને ધન જેટલું વહાલું છે તેટલું જીવન વહાલું નથી, તેથી ધનને અર્થે તે જીવનને વેડફી નાંખે છે, ઈષ્ટ એવો જે આત્મા તેને ભૂલીને તેણે ધનને ઈષ્ટ માન્યું, તેથી ધનને અર્થે જીવન ગાળે છે. પણ ઈષ્ટ તો મારો જ્ઞાનસ્વભાવી આત્મા છે, એના સિવાય બીજું કાંઈ મારું ઈષ્ટ નથી એમ જેણે આત્માને ઈષ્ટ જાણ્યો તે જીવ આત્માને સાધવા માટે પોતાનું જીવન ગાળે છે, ઈષ્ટ તો સાચું તે જ છે કે જેનાથી ભવ દુઃખ ટળે ને મોક્ષસુખ

મળે. આવા ઈષ્ટને જે ભૂલ્યો તે જ પરને ઈષ્ટ માનીને તેમાં સુખ માને છે ને તેમાં જીવન ગુમાવે છે. ધર્મીને તો આત્માનો સ્વભાવ જ સુખરૂપ ને વહાલો લાગ્યો છે. 'જગત ઈષ્ટ નહિ આત્માથી' એમ આત્માને જ ઈષ્ટ સમજીને તેના સાધનમાં જીવન ગાળે છે.

ભાઈ, ધનની વાંછાથી તારા આત્માને તું પાપના કીચડથી મલિન ન કર; અરે, ધન કમાઈને પછી પૂજા-પ્રભાવના-દાનાદિમાં વાપરીને પુણ્ય કરશું—એવી વાંછાથી પણ ધનની લોલુપતા ન કર. તારી વૃત્તિને આત્માના હિતના ઉદ્યમમાં જોડ એ જ સૌથી ઈષ્ટ છે, લક્ષ્મી મેળવવાની લોલુપતાથી તો તારો આત્મા કાદવ જેવા પાપથી લેપાય છે. અત્યારે પાપ કરીને પછી પુણ્ય કરશું એમ માનનાર તો મૂર્ખ છે, શરીર ઉપર કાદવ ચોપડીને પછી સ્નાન કરી લેવું એમ માનનાર જેવો તે મૂર્ખ છે. ભાઈ, કાદવ ચોપડીને પછી નહાવું, એના કરતાં પહેલેથી જ કાદવથી દૂર રહેને ? તેમ ભવિષ્યમાં દાનાદિ કરવાના બહાને અત્યારે તારા આત્માને પાપરૂપી કાદવથી શા માટે લેપે છે ? હા, સહેજે તને પુણ્યથી જે લક્ષ્મી વગેરે મળી હોય તેને તું દાન-પૂજા-સાધર્મીનો આદર વગેરે સત્કાર્યમાં વાપર.

ભાઈ, પાપભાવ તો કોઈ પ્રકારે ઈષ્ટ નથી. લક્ષ્મી વગેરે મેળવવાની વૃત્તિ તે પાપ છે. એને તો છોડ. ને રાગ ઘટાડી આત્માનું જેમ હિત થાય તેમ તું કર. ધનને મેળવવાના ભાવમાં દુઃખ છે, ધનની રક્ષાના ભાવમાંય દુઃખ છે ને ધનને ભોગવવાના ભાવમાંય એકલી અતૃપ્તિ ને દુઃખ જ છે. જેમાં સર્વત્ર દુઃખ ને આકુળતા છે તેમાં તારું હિત જરાય નથી. તો તેને ઈષ્ટ કોણ માને ? હિત તો આત્માની સાધનામાં છે,—જેમાં શરૂઆતમાં પણ શાંતિ ને જેના ફળમાં પણ મોક્ષસુખની અપૂર્વ શાંતિ—આવું મોક્ષસાધન તે જ આત્માનું ઈષ્ટ છે. માટે તેનો જ ઉદ્યમ તું કર—એમ સંતોનો ઈષ્ટોપદેશ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી
તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—આચાર્યદેવે કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં કઈ અપેક્ષાથી સમાનતા કહી છે?

ઉત્તર :—ભગવાન કેવળી કેવળજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને અનુભવતા હોવાથી કેવળી છે, તેમ આચાર્યદેવ કહે છે કે અમે પણ શ્રુતજ્ઞાન વડે કેવળ શુદ્ધ આત્માને અનુભવતા હોવાથી શ્રુતકેવળી છીએ. માટે વિશેષ જાણવાની આકાંક્ષાથી બસ થાઓ! સ્વરૂપ નિશ્ચળ જ રહીએ છીએ. આહાહા! જુઓ, મુનિઓ પોતાની દશાની વાત કરે છે કે કેવળીની જેમ અમે પણ કેવળ શુદ્ધ આત્માને અનુભવતા હોવાથી શ્રુતકેવળી છીએ. જેમ અમૃતકુંડને કોઈ સૂર્યના પ્રકાશથી દેખે અને બીજો દીવાના પ્રકાશથી દેખે એ દેખાતી વસ્તુમાં ફેર નથી તેમ કેવળી કેવળજ્ઞાન સૂર્ય વડે અમૃતકુંભ આત્માને દેખે છે. અને શ્રુતકેવળી દીપક સમાન શ્રુતજ્ઞાન વડે અમૃતકુંભ આત્માને દેખે છે. સૂર્ય અને દીપકના પ્રકાશમાં ફેર છે પણ તે વડે દેખાતી વસ્તુમાં ફેર નથી. એમ કહીને કેવળી સાથે સમાનતા કરી છે.

પ્રશ્ન :—ધારણાનો વિષય તો આત્મા નથી ને?

ઉત્તર :—એ તો બહારના ઉઘાડથી થયેલ ધારણાની વાત છે, તે ધારણાનો વિષય આત્મા નથી, પણ સમ્યક્ મતિજ્ઞાનમાં આત્માને જાણીને જે ધારણા થઈ છે તેનો વિષય આત્મા છે, એ ધારણાથી જ્ઞાની ફરી ફરીને આત્માનું સ્મરણ કરે છે.

પ્રશ્ન :—સ્મરણ થાય એટલે નિર્વિકલ્પ દશા થઈ જાય?

ઉત્તર :—સ્મરણ એ જ નિર્વિકલ્પતા છે. નિર્વિકલ્પ સ્મરણમાં અતીન્દ્રિય આનંદની માળા ફરે છે, એ નિર્વિકલ્પ સ્મરણથી મોહ છૂટે છે, વિકલ્પથી મોહ છૂટે નહિ.

પ્રશ્ન :—સામાન્યજ્ઞાન અને વિશેષજ્ઞાનમાં ભેદ અને તેનું ફળ બતાવીને સ્પષ્ટ કરો કે સમ્યગ્દષ્ટિ તેમાંથી પોતાનું જ્ઞાન કોને માને છે?

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; ૩૧૨.** **–શ્રી સમયસાર**

ઉત્તર :—વિષયોમાં એકાકાર થયેલા જ્ઞાનને વિશેષ જ્ઞાન એટલે કે મિથ્યાજ્ઞાન કહે છે અને તેનું લક્ષ છોડીને એકલા સામાન્ય જ્ઞાનસ્વભાવના આલંબનથી ઉત્પન્ન થએલ જ્ઞાનને સામાન્યજ્ઞાન એટલે કે સમ્યક્ જ્ઞાન કહે છે. જ્ઞાનસ્વભાવમાં એકાકાર થઈને પ્રગટ થયેલા સામાન્યજ્ઞાન–વીતરાગી જ્ઞાન કહે છે ને તેને જૈન શાસન કહે છે, આત્માનુભૂતિ કહે છે. સામાન્યજ્ઞાનમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે. વિશેષ જ્ઞાન એટલે ઈન્દ્રિય જ્ઞાનમાં આત્માના આનંદનો સ્વાદ આવતો નથી પણ આકુળતાનો–દુઃખનો સ્વાદ આવે છે. પરદ્રવ્યને અવલંબીને જે જ્ઞાન થયું તે વિશેષજ્ઞાન છે. ભગવાનની વાણી સાંભળીને જે જ્ઞાન થયું તે ઈન્દ્રિયજ્ઞાન છે, વિશેષજ્ઞાન છે, તે આત્માનું જ્ઞાન–અતીન્દ્રિયજ્ઞાન–સામાન્યજ્ઞાન નથી. જ્ઞાનીને આત્માનું જ્ઞાન થયું છે તે સામાન્યજ્ઞાનને પોતાનું જ્ઞાન જાણે છે અને પરને જાણતું ઈન્દ્રિયજ્ઞાન જે અનેકાકારરૂપ પરસત્તાવલંબી જ્ઞાન થાય છે તેને પોતાનું જ્ઞાન માનતો નથી. જેમ પરજ્ઞેય પોતાના માનતો નથી તેમ પરના જ્ઞાનને પોતાનું જ્ઞાન માનતો નથી. જેમાં આનંદનો સ્વાદ આવે છે તેને પોતાનું જ્ઞાન માને છે.

પ્રશ્ન :—આત્મજ્ઞાન થવાથી એ વ્રતાદિ રાગ છે એમ ભાસે છે પણ પહેલા તો જલ્દી આત્મજ્ઞાન થતું નથી ને?

ઉત્તર :—જલ્દીનો અર્થ–એનો અભ્યાસ કરવો જોઈએ, રાગ શું છે? આત્મા શું છે? હું કાયમી ટકનાર ચીજ કેવી છું? વિગેરે અભ્યાસ કરી જ્ઞાન કરી રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો એ પહેલી વસ્તુ છે. આત્માને જાણ્યા વિનાના એના ક્રિયાકાંડ બધા રણમાં પોક મૂકવા સમાન છે. આત્મા અંદર આનંદસ્વરૂપ ભગવાન ચૈતન્ય તેજનો પૂંજ પ્રભુ છે. તેનું જ્ઞાન ન હોય, અંદરદશાનું વેદન ન હોય ત્યાં સુધી એના ક્રિયાકાંડ બધાં જૂઠા છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું દુર્લભ છે. પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હોવો જોઈએ.

પ્રશ્ન :—શું ખંડ-ખંડ જ્ઞાન–ઈન્દ્રિયજ્ઞાન પણ સંયોગરૂપ છે?

ઉત્તર :—હા, વાસ્તવમાં તો ખંડખંડ જ્ઞાન પણ ત્રિકાળી સ્વભાવની અપેક્ષાથી સંયોગરૂપ છે. જેમ ઈન્દ્રિયો સંયોગરૂપ છે તેમ તે પણ સંયોગરૂપ છે. જેવી રીતે શરીર જ્ઞાયકથી અત્યંત ભિન્ન છે, તેવી રીતે ખંડ ખંડ જ્ઞાન–ઈન્દ્રિયજ્ઞાન પણ જ્ઞાયકથી ભિન્ન છે, સંયોગરૂપ છે, સ્વભાવરૂપ નથી. (ક્રમશઃ) ❊

**અન્યોન્યના નિમિત્ત એ રીત બંધ બેઉ તણો બને**
**—આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. ૩૧૩.** **–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આત્માની સન્મુખ થયો એમ કહેવાય, તો સન્મુખ થવું અને પ્રતીતિ થવી—આ બેમાં શું ફેર છે?

સમાધાન :—પ્રતીતિ એટલે યથાર્થ પ્રતીતિ. જે સહજ ભેદજ્ઞાનની ધારા પ્રગટી તેને પ્રતીતિ કહે છે. 'સન્મુખ થયો' તેમાં અમુક જાતની રુચિ છે; તેને યથાર્થ પ્રતીતિ હજી નથી થઈ પણ આત્માની સન્મુખ થયો છે. સન્મુખ એટલે? કે આત્મા તરફ તેની પરિણતિ વળે છે કે, આ જ મારે જોઈએ છે, તે આત્માની નજીક આવી ગયો છે. મને વિભાવ રુચતો નથી, સહજ જ્ઞાયકતા રુચે છે એમ અંતરમાંથી જ્ઞાયક તરફ તેની વારંવાર ગતિ જાય છે. હજી યથાર્થ નથી થયું તે સન્મુખતા છે. જ્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે જ એને યથાર્થ પ્રતીતિ થાય છે.

યથાર્થ વિશેષણ સમ્યગ્દર્શનમાં લાગુ પડે. ત્યાર પહેલાં તેની રુચિ અને જિજ્ઞાસા તે તરફની છે. જો કાર્ય આવે તો તે કારણરૂપે કહેવાય.

પ્રશ્ન :—સન્મુખતા એટલે તેને ખ્યાલમાં આવ્યું છે કે આ જ્ઞાયક અને તેની સન્મુખ છું?

સમાધાન :—તેને અમુક પ્રકારે ખ્યાલમાં આવ્યું છે. વાસ્તવિક તો જ્યારે યથાર્થ થાય ત્યારે ખ્યાલમાં આવ્યું કહેવાય. ત્યાર પહેલાંનું છે તે બધું તેની યોગ્યતાવાળું કહેવાય. પછી તેમાં નજીક કેટલું અને દૂર કેટલું તે પોતે સમજી લેવાનું.

પ્રશ્ન :—રાગને જુદો પાડવો અને સ્વ તરફ વળવું તે બે કાર્ય છદ્મસ્થને એકીસાથે બની શકે?

સમાધાન :—ઉપયોગ રાગથી છૂટો પડી જાય અને પોતે સ્વ તરફ વળે તે બધું એકીસાથે થઈ શકે છે. ઉપયોગ ઉપયોગમાં છે, રાગ રાગમાં છે.—બેય જુદા છે એમ ભેદજ્ઞાન એકસાથે થઈ શકે છે. આ મારામાં નથી અને આ હું છું તેમ બંને અસ્તિ–નાસ્તિ સાથે જ થાય છે. દ્રવ્યને વિકલ્પથી નહિ, પણ સ્વયં પોતાની પરિણતિથી ગ્રહણ કરે કે 'આ હું છું', એટલે 'આ હું નથી' તેમ સાથે આવી જાય છે. આ જુદું અને આ હું તેમ તેને ક્રમ નથી પડતો. અસ્તિ અને નાસ્તિ સાથે આવે છે. હું આ અસ્તિત્વસ્વરૂપ

છું અને આની મારામાં નાસ્તિ છે એમ સાથે થાય છે. પોતે છે તેમાં બીજાની નાસ્તિ આવી જાય છે. જ્યાં પોતાને ગ્રહણ કર્યો ત્યાં વિભાવથી છૂટો પડી જ જાય છે. ૫૨૧.

પ્રશ્ન :—શું જ્ઞાન સાધન બને કે મંદ કષાય?


સમાધાન :—સાચું જ્ઞાન સાધનરૂપ બને છે, રાગ સાધન બનતો નથી. મંદ કષાય સાથે હોય પણ માર્ગ જાણ્યા વગર આગળ કેવી રીતે જવાય? ભાવનગર જવું હોય તો આ માર્ગે જવાય છે એમ સાચું જ્ઞાન કરે તો તે તરફ પ્રયત્ન કરે છે. આ હું જ્ઞાયક છું એમ તેને બરાબર નક્કી કરીને પોતે તે તરફ પ્રયત્ન કરે છે, તો રાગની તેને મહિમા છૂટી જાય છે, રાગથી તેને વિરક્તિ આવી જાય છે. તે સુખરૂપ નથી દુઃખરૂપ છે, જ્ઞાયક આત્મા જ અનુપમ છે, આ બધું અનુપમ નથી એવી પોતાની મહિમા આવે તો રાગની મહિમા છૂટી જાય; એટલે તેમાં જ્ઞાન-વૈરાગ્ય બે સાથે આવી જાય છે. પોતાને જાણે અને વિભાવથી વિરક્તિ થાય તો પોતાને ગ્રહણ કરે છે.

પ્રશ્ન :—જ્યાં સુધી સ્વમાં સ્વપણું ગ્રહણ ન થાય ત્યાં સુધી તો અધ્યાત્મ-શાસ્ત્રોનું મનન–રટણ રાખવું જોઈએ ને?

સમાધાન :—જેમાં આત્માની વાતો હોય એવા અધ્યાત્મ-શાસ્ત્રનો અભ્યાસ કરવો ને રુચિ પોતા તરફ રાખવી. શાસ્ત્ર-અભ્યાસમાં પોતે સર્વસ્વ ન માને, કરવાનું કાંઈક બીજું અંતરમાં રહી જાય છે. અર્થાત્ શાસ્ત્રના અભ્યાસ પૂરતો આ માર્ગ નથી, માર્ગ અંતરમાં છે, એવી શ્રદ્ધા બરાબર રાખે. ન થાય ત્યાં સુધી અધ્યાત્મ-શાસ્ત્રનો અભ્યાસ કરે, પણ રુચિ અંતરમાં રાખે. કરવાનું અંતરમાં છે એવી શ્રદ્ધા બરાબર રાખે.

પ્રશ્ન :—અજ્ઞાનીએ (જિજ્ઞાસુએ) જ્ઞેયને જાણતી વખતે જ્ઞેય તે હું નહીં પણ હું જ્ઞાયક છું, હું જાણનાર છું એમ વારે ઘડીએ તે તરફ વલણ કરવું બરાબર છે?

સમાધાન :—જ્ઞેય સાથે એકત્વબુદ્ધિ નહિ કરતાં, જ્ઞેય હું નથી પણ હું જ્ઞાયક છું, એમ વારંવાર જ્ઞાયકને ઓળખવાનો પ્રયત્ન કરવાનો છે. જ્ઞાયક છું, જાણનાર છું તેમ આવે તે ઠીક છે, પણ અંતરમાંથી ઓળખીને હું જ્ઞાયક છું એવી જેની પરિણતિ પ્રગટ થાય તે યથાર્થ છે. ક્ષણે ક્ષણે જે જે જ્ઞેયો જણાય છે, અંદરમાં જે વિભાવ પરિણતિ થઈ રહી છે અર્થાત્ વિભાવના જે જે ભાવો આવે છે તે કાળે હું જ્ઞાયક છું તેમ પરિણતિ અંદરમાંથી જો થાય તો તે બરાબર છે. તે ન થાય ત્યાં સુધી હું જ્ઞાયક છું એમ ભાવના–જિજ્ઞાસા કરે અને તેવા વિચારો કરે તે ઠીક છે. એકત્વબુદ્ધિ તોડવાની છે કે જ્ઞેયરૂપે હું નથી, પણ હું જ્ઞાયક છું. જાણવાના કાળમાં હું કાંઈ જ્ઞેયરૂપે થતો નથી પણ હું જ્ઞાયક તો જ્ઞાયક જ છું; છતાં તેને ઓળખતો નથી ત્યાં સુધી પરિણતિ પ્રગટ થતી નથી.




## બાળ વિભાગ

# એક હતો હાથી

ગતાંકમાં જોયું કે રાવણ લંકા તરફ જતો હતો રસ્તામાં સમ્મેદશિખરના દર્શન માટે રોકાયો ત્યાં એક તોફાની હાથીને વશ કરી લંકા લઈ ગયો અને તેનું નામ ત્રિલોકમંડન રાખ્યું. રાવણે સીતાનું હરણ કર્યું. રામ-લક્ષ્મણે તેને હરાવ્યો અને સીતાને લંકાથી અયોધ્યા લાવ્યા ત્યારે ત્રિલોકમંડન હાથીને પણ લઈ આવ્યા. એક દિવસ તે બંધન તોડી ગર્જના કરતો ભાગ્યો પ્રજામાં હાહાકાર થઈ ગયો પરંતુ ભરતની સામે આવતા જ હાથી શાંત થઈ ગયો. ભરત તેની ઉપર બેસી નગરમાં આવ્યા. પ્રજાજનોને આશ્ચર્ય થયું. પણ આશ્ચર્ય એ કે હવે હાથી કાંઈ ખાતો નથી, ઉંઘતો નથી, ઉદાસ રહે છે આમ ચાર દિવસ જતા મહાવતો અને ગજવૈદ્યો રામને કહે છે કે હાથીને શું થયું તે ખ્યાલ નથી આવતો જેથી તેનો ઉપાય કરો આ વાત સાંભળી રામ-લક્ષ્મણ ચિંતામાં પડી ગયા ત્યારબાદ આગળ..)

એવામાં અચાનક એક સુંદર બનાવ બન્યો :

અયોધ્યાપુરીના આંગણે બે કેવળી ભગવંતો પધાર્યા....તેમનાં નામ દેશભૂષણ અને કૂલભૂષણ ! (રામ-લક્ષ્મણે વનગમન વખતે વંશસ્થ પર્વત પર આ બે મુનિવરોનો ઉપદ્રવ દૂર કરીને તેમની ઘણી ભક્તિ કરી હતી. ને તે વખતે તે બંને મુનિવરોને કેવળજ્ઞાન થયું હતું,) તેઓ જગતના જીવોનું કલ્યાણ કરતા—કરતા અયોધ્યાનગરીમાં પધાર્યા. ભગવાન પધારતાં આખી નગરીમાં આનંદ—આનંદ ફેલાઈ ગયો. સૌ તેમનાં



દર્શન કરવા ચાલ્યા....રામ-લક્ષ્મણ-ભરત ને શત્રુઘ્ન પણ ત્રિલોકમંડન હાથી ઉપર બેસીને તે ભગવંતોના દર્શન કરવા ચાલ્યા....ને આવીને ધર્મોપદેશ સાંભળવા બેઠા. ભગવાને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો અદ્ભુત ઉપદેશ આપ્યો. તે સાંભળીને સૌને આનંદ થયો.


ત્રિલોકમંડન હાથીના આનંદનો પણ પાર નથી. તે કેવળીભગવાનના દર્શનથી ઘણો જ પ્રસન્ન થયો છે, ને ધર્મોપદેશ સાંભળીને તેનું ચિત્ત સંસારથી ઉદાસ થઈ ગયું છે. તેણે અપૂર્વ આત્મશાંતિ પ્રાપ્ત કરી છે, ને ભગવાનને નમસ્કાર કરીને શ્રાવકનાં વ્રત અંગીકાર કર્યાં છે. ધન્ય છે હાથીભાઈ, તમને ! તમે આત્માને ઓળખીને તમારું જીવન શોભાવ્યું છે ! તમે પશુ નથી પણ દેવ છો, ધર્માત્મા છો, દેવોથી પણ મહાન છો, બાળકો, જુઓ જૈનધર્મનો પ્રતાપ ! એક હાથી જેવો પશુનો જીવ પણ જૈનશાસન પામીને કેવો

ગતાંકમાં જોયું કે રાવણ લંકા તરફ જતો હતો રસ્તામાં સમ્મેદશિખરના દર્શન માટે રોકાયો

મહાન થઈ ગયો ! તો તમેય આવું મજાનું જૈનશાસન પામીને, હાથી જેવા બહાદુર થઈને, આત્માની ઓળખાણ કરજો, ને ઉત્તમ વૈરાગ્યજીવન જીવજો ! ભગવાનનો ઉપદેશ સાંભળ્યા પછી મહારાજા લક્ષ્મણે પૂછ્યું–હે ભગવાન ! આ ત્રિલોકમંડન હાથી પહેલાં તો ગજબંધન તોડીને કેમ ભાગ્યો ? અને પછી ભરતને દેખીને એકાએક શાંત કેમ થઈ ગયો ? ત્યારે ભગવાનની વાણીમાં એમ આવ્યું કે ભરતનો જીવ અને આ હાથનો જીવ બંને પૂર્વભવના મિત્રો છે–સાંભળો, તેમનાં પૂર્વભવ–

આ ભરત અને ત્રિલોકમંડન હાથી બંને જીવો ઘણા ભવ પહેલાં ભગવાન ઋષભદેવના વખતમાં ચંદ્ર અને સૂર્ય નામના બે ભાઈ હતા. મરીચિના મિથ્યા ઉપદેશથી કુધર્મ સેવીને બંનેએ ઉંદર–મોર–પોપટ–સર્પ–હાથી–દેડકું–બિલ્લી–કૂકડો વગેરે ઘણા ભવો કર્યા અને બંનેએ એકબીજાને ઘણીવાર માર્યા, ઘણીવાર ભાઈ થયા, વળી પિતા–પુત્ર થયા. આ રીતે ભવભ્રમણ કરતા–કરતા કેટલાક ભવ પછી ભરતનો જીવ તો જૈનધર્મ પામ્યો ને મુનિ થઈને છઠ્ઠા સ્વર્ગમાં ગયો.

આ હાથીનો જીવ પણ પૂર્વભવમાં વૈરાગ્યથી મૃદુમતિ નામનો મુનિ થયેલો; બીજા એક મહાઋદ્ધિધારી મુનિરાજ બહુ ગુણવાન અને તપસ્વી હતા. તેમણે ચોમાસામાં ચાર માસના ઉપવાસ કરેલા, ને પછી ચોમાસું પૂરું થતાં અન્યત્ર વિહાર કરી ગયા. હાથીનો જીવ–એટલે મૃદુમતિ મુનિ, તે જ્યારે ગામમાં આવ્યા ત્યારે ભૂલથી લોકોએ તેને જ મહા તપસ્વી સમજી લીધા ને તેનું સન્માન કરવા લાગ્યા. તેને ખ્યાલમાં આવ્યું કે આ લોકો ભ્રમથી મને ઋદ્ધિધારી-તપસ્વી સમજીને મારો આદર કરી રહ્યા છે–આમ જાણવા છતાં માનના માર્યા તેણે લોકોને સાચી વાત ન કરી,–કે પેલા તપસ્વી મુનિરાજ તો બીજા હતા, ને હું બીજો છું–શલ્યપૂર્વક માયાચાર કર્યો; તે તેને તિર્યંચગતિનું કારણ બન્યું. ત્યાંથી મરીને મુનિપણાના તપને લીધે પ્રથમ તો તે છઠ્ઠા સ્વર્ગમાં ગયો. ભરતનો જીવ પણ ત્યાં જ હતો; તે બંને દેવો મિત્રો હતા. તેમાંથી એક તો આ અયોધ્યાનો રાજપુત્ર ભરત થયો છે, ને બીજો જીવ માયાચારને લીધે આ હાથી થયો છે. તેનું મનોહર રૂપ દેખીને લંકાના રાજા રાવણે તેને પકડ્યો, ને તેનું નામ ત્રિલોકમંડન રાખ્યું. રાવણને જીતીને રામ-લક્ષ્મણ તે હાથીને અહીં લઈ આવ્યા. લોકોની ભીડ દેખીને ગભરાટથી તે બંધન તોડીને ભાગ્યો હતો. પૂર્વભવના મિત્રોનું અહીં મિલન થયું અને પૂર્વભવના સંસ્કારને લીધે ભરતને જોતાં જ હાથી શાંત થઈ ગયો; તેને જાતિસ્મરણ થયું છે ને પોતાના પૂર્વભવની વાત સાંભળીને સંસારથી એકદમ વૈરાગ્ય જાગ્યો છે; આત્માની સાધનામાં તેણે પોતાનું ચિત્ત જોડ્યું છે, ને શ્રાવકનાં વ્રત અંગીકાર કર્યાં છે....તે પણ નિકટભવ્ય છે.



દેશભૂષણ–કેવળીની સભામાં પોતાના પૂર્વભવોની વાત સાંભળીને વૈરાગી ભરતે ત્યાં જ જિનદીક્ષા ધારણ કરી લીધી, ને પછી કેવળજ્ઞાન પ્રગટાવી મોક્ષ પામ્યા. તેનો મિત્ર ત્રિલોકમંડન–હાથી પણ સંસારથી વિરક્ત થયો તે હાથીએ આત્માનું ભાન પ્રગટ કરીને શ્રાવકવ્રત અંગીકાર કર્યા. વાહ ! હાથીનો જીવ શ્રાવક બન્યો...પશુ હોવા છતાં દેવથી પણ મહાન બન્યો ! ને હવે અલ્પકાળે તે મોક્ષને પામશે. શ્રી દેશભૂષણ–કેવળીપ્રભુની વાણીમાં હાથીની આવી સરસ વાત સાંભળીને રામ-લક્ષ્મણ વગેરે બધાને આનંદ થયો. હે ભવ્ય પાઠક ! તને પણ આનંદ થયો ને !–'હા !'તો તું પણ હાથીની જેમ તારા આત્માને જિનધર્મની આરાધનામાં જોડજે, ને માન-માયાના ભાવને છોડજે.

હાથીના અને ભરતના પૂર્વભવની વાત સાંભળીને રામ-લક્ષ્મણ વગેરે સૌ આશ્ચર્ય પામ્યા. ભરતની સાથે એક હજાર રાજાઓ દીક્ષા લઈને મુનિ થયા. ભરતની માતા કૈકેયી પણ જિનધર્મની પરમ ભક્ત, વૈરાગ્ય પામીને અર્જિકા થઈ; તેની સાથે બીજી ૩૦૦ સ્ત્રીઓએ પૃથ્વીમતિમાતા પાસે દીક્ષા લીધી. (સીતાજી પણ તે પૃથ્વીમાતાના સંઘમાં સમાઈ ગયા હતા.)

ત્રિલોકમંડન હાથીના હૈયામાં તો કેવળી ભગવાનના દર્શનથી આનંદ સમાતો નથી; પૂર્વભવ સાંભળીને અને આત્મજ્ઞાન પામીને તે એકદમ ઉપશાંત થઈ ગયો છે.



સમ્યગ્દર્શન સહિત તે હાથી, વૈરાગ્યથી રહે છે ને શ્રાવકના વ્રત પાળે છે. પંદર-પંદર દિવસના કે મહિના-મહિનાના ઉપવાસ કરે છે; અયોધ્યાના નગરજનો ઘણા વાત્સલ્યપૂર્વક શુદ્ધ આહાર-પાણી વડે તેને પારણું કરાવે છે. આવા

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

## સત્સાહિત્ય પોસ્ટથી મંગાવવા બાબત

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત સત્સાહિત્ય આપ ખરીદવા ઈચ્છતા હો તો જે પણ શાસ્ત્ર જરૂરીયાત હોય તેની કિંમતના પોસ્ટેજ સ્ટેમ્પ એક કવરમાં નીચે જણાવેલ એડ્રેસ પર મોકલી પોસ્ટથી મંગાવી શકો છો. આપને પોસ્ટેજ ફ્રી તે શાસ્ત્રો મોકલવામાં આવશે.

| શાસ્ત્રનું નામ | કિંમત | | | | |
|---|---|---|---|---|---|
| | | શ્રી દ્રવ્યસંગ્રહ | ૧૦=૦૦ | સમ્યગ્દર્શન ભાગ-૧ થી ૬ | ૭૨=૦૦ |
| શ્રી સમયસાર | ૩૦=૦૦ | શ્રી ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૧૦=૦૦ | જૈન પૌરાણિક લઘુકથાઓ | |
| શ્રી પ્રવચનસાર | ૨૦=૦૦ | શ્રી બહેનશ્રીનાં વચનામૃત | ૧૦=૦૦ | ભાગ-૧ થી ૫ | |
| શ્રી નિયમસાર | ૨૦=૦૦ | શ્રી પંચસ્તોત્ર સંગ્રહ | ૧૦=૦૦ | (પ્રત્યેકની કિંમત રૂા.૩૦=૦૦) | |
| શ્રી પંચાસ્તિકાય સંગ્રહ | ૨૦=૦૦ | રત્નકરંડક શ્રાવકાચાર | ૩૦=૦૦ | શ્રી મહારાણી ચેલણા | ૧૦=૦૦ |
| શ્રી પરમાત્મપ્રકાશ | ૩૦=૦૦ | શ્રી બૃહદ્-દ્રવ્યસંગ્રહ | ૨૦=૦૦ | શ્રી ભગવાન પારસનાથ | ૧૦=૦૦ |
| શ્રી આત્માનુશાસન | ૧૦=૦૦ | શ્રી તત્ત્વજ્ઞાન તરંગીણી | ૧૦=૦૦ | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | ૧૩=૦૦ |
| શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા | ૨૪=૦૦ | શ્રી મોક્ષશાસ્ત્ર | ૪૦=૦૦ | સમ્યક્ત્વ કથા | ...૧૦=૦૦ |
| શ્રી ઈષ્ટોપદેશ | ૨૦=૦૦ | શ્રી સત્તાસ્વરૂપ | ૮=૦૦ | બે સખી | ૧૦=૦૦ |
| શ્રી ચિદ્દવિલાસ | ૧૦=૦૦ | શ્રી સમાધિતંત્ર | ૨૦=૦૦ | દર્શન કથા | ૧૦=૦૦ |
| શ્રી અનુભવપ્રકાશ | ૨૦=૦૦ | શ્રી પંચાધ્યાયી પૂર્વાર્ધ | ૩૫=૦૦ | ભગવાન મહાવીરની | |
| શ્રી મોક્ષમાર્ગપ્રકાશક | ૩૦=૦૦ | શ્રી અષ્ટપ્રાભૃત | ૫૦=૦૦ | આચાર્ય પરંપરા | ૫૦=૦૦ |
| શ્રી છઢાળા | ૧૦=૦૦ | શ્રી નાટક સમયસાર | ૫૦=૦૦ | | |

એડ્રેસ : પુસ્તક વિભાગ
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (જિ. ભાવનગર, ગુજરાત)
પીન : ૩૬૪૨૫૦

વિશેષ માહિતી માટે

ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૫.
મો. ૦૯૭૩૭૧૫૪૧૦૮(નિર્મલભાઈ)નો સંપર્ક કરી શકો છો.

## સત્તરમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૨૦૧૭ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત સત્તરમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો પ્રારંભ શિબિરાર્થી તથા મહેમાનોની ઉપસ્થિતિમાં સૌજન્યકર્તા દ્વારા મંગલ દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. બાળકો માટે દરરોજ સવારે સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના છઢાળા, નિયમસાર, ઈષ્ટોપદેશ ઉપર સીડી પ્રવચનો ચાલતા હતા. રાત્રિએ બાળકો દ્વારા પ્રસ્તુત કરાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ, ક્વીઝ આદિ મુમુક્ષુઓને ઘણા જ પસંદ આવ્યા હતા. આ શિબિરમાં ૧૫૦ બાળકો તથા અન્ય ૧૦૦ મુમુક્ષુઓએ લાભ લીધો હતો. તા. ૨૯-૧૨-૨૦૧૭ના રોજ આયોજક તરફથી શિબિરાર્થીઓ માટે પૂજ્ય ગુરુદેવશ્રી જન્મધામ ઉમરાળાની યાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. આ શિબિરમાં **SMS** ની આવેલ નોટબુકમાંથી પ્રથમ, દ્વિતીય, તૃતીય તથા **SMS**ની પરીક્ષા લઈ તેમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામો આપવામાં આવ્યા હતા. આયોજકો તથા શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓ માટે આવવા-જવાની, આવાસની, ભોજનની તથા યાત્રાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૧૫ થી ૬-૩૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૮-૦૦ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | પદ્મનંદી પંચવિંશતી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### ✻ શ્રી સીમંધરસ્વામી જિનમંદિરનો ૭૮મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ ✻

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૭૮મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ મહાવદ-૧૦, તા. ૧૦-૨-૨૦૧૮, શનિવારથી તા. ૧૭-૨-૨૦૧૮ ને શનિવાર ફાગણ સુદ-૨ સુધી શ્રી વીસ વિહરમાન જિન મંડલ વિધાન, જિનેન્દ્ર ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ તથા વિભિન્ન કાર્યક્રમપૂર્વક સહ ઉજવવામાં આવશે.

### ✻ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૬મો સમ્યક્ત્વજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ ✻

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૬મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા ઊજવાઈ રહ્યો છે. આ મહોત્સવની પત્રિકા લેખનવિધિ ફાગણ સુદ-૩, તા. ૧૮-૨-૨૦૧૮, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે. તો મંગલ અવસરે સર્વે મુમુક્ષુઓને પધારવા અમારું ભાવભર્યું આમંત્રણ છે.

**✻ શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :** શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૪મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, રવિવાર, તા. ૧૮-૨-૨૦૧૮ થી ફાગણ સુદ ૭, ગુરુવાર તા. ૨૨-૨-૨૦૧૮ સુધી આનંદોલ્લાસસહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :** ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨૨-૨-૨૦૧૮, ગુરુવારથી તા. ૧-૩-૨૦૧૮, ગુરુવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :** ફાગણ સુદ ૧૩, બુધવાર, તા. ૨૮-૨-૨૦૧૮ના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૪૫ મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## (૫૪)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.)

(૧) સમયસાર પરમાગમના પરિશિષ્ટમાં ૪૭ શક્તિનું વર્ણન ............. આચાર્યદેવે કરેલ છે. (કુંદકુંદ, અમૃતચંદ્ર, જયસેન)

(૨) વિદ્યુન્માલી મેરુ પર્વત ................ માં આવેલ છે. (ધાતકીદ્વીપ, પુષ્કરદ્વીપ, જમ્બૂદ્વીપ)

(૩) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એક જ સમયમાં હોય છે, તે ........... અપેક્ષાએ છે. (ગુણ, પર્યાય, દ્રવ્ય)

(૪) સાસાદન ગુણસ્થાનવર્તી જીવ ................. ગુણસ્થાને જાય છે. (પ્રથમ, ચોથા, બીજા)

(૫) ઔદયિક આદિ પાંચ ભાવોમાંથી એકમાત્ર ............... ભાવ બંધરૂપ છે. (ઔપશમિક, ક્ષયોપશમિક, ઔદયિક)

(૬) જ્ઞાનના પાંચ ભેદમાં ઉપયોગરૂપ એક સમયે ............... જ્ઞાન હોય છે. (બે, પાંચ, એક)

(૭) ભોગભૂમિના જીવોને ............. લિંગ હોય નહીં. (નપુંસક, સ્ત્રી, પુરુષ)

(૮) જેમાં અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ અને ઉદીરણા એ ચારેયનો અભાવ છે તે ........... કર્મ છે. (નિધતિ, નિકાચિત, ઉપશમ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનમાં મુખ્યત્વે ............... ના વિષય ઉપર ભાર મૂકતા હતા. (કર્મ, વ્યવહારચારિત્ર, સમ્યગ્દર્શન)

(૧૦) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ ૩૩૧માં આવે છે કે, ''ક્યાંય રોકાયા વિના ''જ્ઞાયક છું'' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો...........નું લઢણ કર્યા કરવું.'' (જ્ઞાયક, આત્મા, સ્વભાવ)

(૧૧) છ પ્રકારના આહાર પૈકી એકેન્દ્રિય જીવને .............. હોય છે. (કર્માહાર, તેજાહાર, લેપાહાર)

(૧૨) ............ ગુણસ્થાન સુધી કષાયનો સદ્ભાવ છે. (સાતમા, અગિયારમા, દસમા)

(૧૩) ઔદયિક ક્રોધના ભાવ જે બુદ્ધિપૂર્વક હોય તો તેમને જીવના કહેવા .................. વ્યવહાર નય છે. (ઉપચરિત અસદભૂત, અનુપચરિત અસદ્ભુત, ઉપચરિત સદ્ભૂત)

(૧૪) અગ્નિનો ઉષ્ણગુણ સામે જોઈને કોઈએ કહ્યું કે અગ્નિ ઉષ્ણ છે આ કથન ............નું છે. (પ્રમાણ, નય, નિક્ષેપ)

(૧૫) કેવળી ભગવાનના અતીન્દ્રિય જ્ઞાન અને સુખની ભાવભીની ધૂન ............. શાસ્ત્રમાં આચાર્યદેવે કરી છે. (પ્રવચનસાર, પંચાસ્તિકાય, નિયમસાર)

(૧૬) .............. વિક્રિયા ઋદ્ધિના બળથી પર્વત, પથ્થર, વૃક્ષ વગેરેની વચમાં થઈ આકાશની જેમ ગમન કરી શકાય છે. (ઈશિત્વ, અપ્રતિઘાત, પ્રાકામ્ય)

(૧૭) જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એ ત્રણ .............. ભાવના પ્રકાર છે. (ઔપશમિક, ક્ષાયોપશમિક, પારિણામિક)

(૧૮) વિકલેન્દ્રિય જીવને ............. લિંગ હોય છે. (નપુંસક, સ્ત્રી, પુરુષ)

(૧૯) પર્યાયાર્થિક નય કહો કે ............ નય કહો બંને ઉપચારમાત્ર હોવાથી એક જ છે. (દ્રવ્યાર્થિક, નિશ્ચય, વ્યવહાર)

(૨૦) જિનેન્દ્રદેવની પૂજાના દસ પ્રકારમાં ચક્રવર્તીઓ દ્વારા કરવામાં આવતી પૂજાને ............. પૂજા કહેવાય છે. (ચતુર્મુખ, મહા, ઈન્દ્રધ્વજ)

---

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન
## જાન્યુઆરી–૨૦૧૮ના ઉત્તર

(૧) મોક્ષશાસ્ત્ર
(૨) ગુણ-પર્યાય
(૩) જ્ઞાન
(૪) દ્રવ્યત્વ
(૫) નામ
(૬) ભાવલિંગી મુનિ
(૭) ૧૪
(૮) છટ્ઠા
(૯) દક્ષિણ
(૧૦) વીતરાગ વિજ્ઞાન
(૧૧) ક્ષાયિક
(૧૨) મુક્તિ
(૧૩) ચૈતન્ય
(૧૪) મુનિ
(૧૫) સ્યાત્ અવક્તવ્ય
(૧૬) ભેદાત્મક
(૧૭) સમયસાર
(૧૮) અત્યંત
(૧૯) મોક્ષ
(૨૦) પ્રમાદચર્યા

## (૫૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) ચોથી ઢાળમાં સમ્યક્જ્ઞાનની ........... તથા દેશ ........... નો ઉપદેશ છે.

(૨) સમ્યક્જ્ઞાન ............. ને પ્રકાશવા માટે ............ સમાન છે.

(૩) સમ્યક્દર્શન અને ............. સાથે જ થાય છે.

(૪) ................ થતા જ્ઞાનની આરાધના પૂરી થાય છે.

(૫) જે સ્વ-પરને ............ અને ............ ને સાધે તેને સાચું ............ કહે છે.

(૬) ............. મય વસ્તુ સ્વભાવની ઉપાસના તેને ............ માર્ગ કહે છે.

(૭) અનેકાંતમય મૂર્તિ સદા પ્રકાશમાન રહો એમ ............. ના બીજા કળશમાં કહ્યું છે.

(૮) વસ્તુના ........... ........... તે જ પદાર્થના ધર્મો છે.

(૯) આત્મ વસ્તુમાં ............ અને ............ નું સામર્થ્ય છે.

(૧૦) મોક્ષને પામવા માટે સમ્યક્ ......... ........... ......... નું સેવન કરવું.

(૧૧) વસ્તુના ધર્મો .............. ની અપેક્ષા રાખતા નથી.

(૧૨) ............ વગર મોક્ષ ન થાય.

(૧૩) રાગથી જુદું એવું ............. જ રાગને જાણે છે.

(૧૪) રાગ અને ............ નો સ્વભાવ તદ્દન .......... છે.

(૧૫) સમ્યગ્દર્શન વગર .............. દશા હોય નહીં.

(૧૬) ............ આચરણ તે .............. નું કારણ છે.

(૧૭) જીવ અનાદિકાળથી .............. ને કારણે સંસાર દુઃખ ભોગવી રહ્યો છે.

(૧૮) જીવને માટે ............ની પ્રાપ્તિ અપૂર્વ છે.

(૧૯) સમ્યક્દર્શનની પ્રાપ્તિ ............... માંથી થાય છે.

(૨૦) જીવને ............ થતા તે મોક્ષના માર્ગમાં ચાલવા માંડ્યો.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી–૨૦૧૮ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) ધર્મ | (૮) નિશંક | (૧૫) તેરમું અને ચૌદમું |
| (૨) અહિંસા | (૯) અજ્ઞાની | (૧૬) પ્રભુતા (પૂજા) |
| (૩) સ્વરૂપ | (૧૦) અરિહંત | (૧૭) ૧૧ |
| (૪) મોક્ષ | (૧૧) જૈન | (૧૮) દુઃખ |
| (૫) અસંખ્ય | (૧૨) સમ્યક્દર્શન | (૧૯) ઉમા |
| (૬) અનંત | (૧૩) ઉત્તમ | (૨૦) બહિરાત્મા |
| (૭) નિશ્ચય | (૧૪) મધ્યમ | |

## વૈરાગ્ય સમાચાર :–

બોટાદ નિવાસી (હાલ વડોદરા) શ્રી ફાલ્ગુનીબેન અવનેશભાઈ કામદાર (–તે અરવિંદભાઈ મનસુખલાલ કામદારના પુત્રવધૂ) (ઉ.વ. ૪૨) તા. ૨-૧૦-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી કિરીટકુમાર ચંદુલાલ શાહ (–તેઓ શ્રી ચંદુલાલ ફૂલચંદ શાહના સુપુત્ર) (ઉ.વ. ૭૫)નું દેહ પરિવર્તન તા. ૧-૧૨-૨૦૧૭ના રોજ થયેલ છે તેઓ અવારનવાર સોનગઢ આવી ધર્મલાભ લેતા હતા.

અમદાવાદ નિવાસી ડૉ. પુષ્પાબેન વી. ગાંધી (–તેઓ ડૉ. વી. કે. ગાંધીના ધર્મપત્ની) (ઉ.વ. ૮૨)નું દેહ પરિવર્તન તા. ૫-૧૨-૨૦૧૭ના રોજ શાંત પરિણામપૂર્વક થયેલ છે.

નાઈરોબી નિવાસી (હાલ લંડન) શ્રીમતી શુશુલાબેન વીરચંદ શાહ (ઉ.વ. ૭૯)નું દેહ પરિવર્તન તા. ૧૫-૧૨-૨૦૧૭ના રોજ થયેલ છે.

સોનગઢ નિવાસી શ્રી જયવંતલાલ મગનલાલ મહેતા (–તેઓ સ્વ. મગનલાલ સુંદરજી મહેતાના સુપુત્ર) (ઉ.વ. ૮૨)નું દેહ પરિવર્તન તા. ૧૮-૧૨-૨૦૧૭ના રોજ થયેલ છે. તેઓ અવારનવાર સોનગઢ તથા દેવલાલી જઈ ધર્મલાભ લેતા હતા.

લાઠી નિવાસી (હાલ ચૈન્નઈ) શ્રી પ્રદીપભાઈ મૂળજીભાઈ ભાયાણી (ઉ.વ. ૮૬)નું દેહ પરિવર્તન તા. ૨૧-૧૨-૧૭ના રોજ શાંત પરિણામપૂર્વક થયેલ છે. તેઓ મદ્રાસ દિગંબર મુમુક્ષુ મંડળના ૪૦ વર્ષથી ટ્રસ્ટી તથા સેક્રેટરી તરીકે સેવા આપેલ હતી.

દહેગામ નિવાસી (હાલ અમદાવાદ) શ્રી પ્રવીણચંદ્ર કેશવલાલ શાહ (વકીલ) (ઉ.વ. ૮૯) તા. ૭-૧-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

વઢવાણનિવાસી સ્વ. ચંદુલાલ જગજીવનદાસ પરીખના પત્ની શ્રી કાંતાબેન (ઉ.વ. ૯૩)નું દેહપરિવર્તન તા. ૧૩-૧-૨૦૧૮ના રોજ બોટાદ મુકામે થયેલ છે. તેઓએ વઢવાણ જિનમંદિરનો શિલાન્યાસ તથા વઢવાણ જિનમંદિર પ્રતિષ્ઠામાં માતા-પિતાનો લાભ લીધેલ હતો.

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા**
**સ્થાયી પુરસ્કર્તાઓ**
**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ**
**સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૬મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમજ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ''ભાવી તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૮૬મી વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૧૧-૩-૨૦૧૮ રવિવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. સમ્યક્ત્વજયંતીનો આ મંગળ મહોત્સવ તા. ૭-૩-૨૦૧૮, બુધવારથી તા. ૧૧-૩-૨૦૧૮, રવિવાર પાંચ દિવસ સુધી શ્રી રત્નત્રય વિધાન પૂજન, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મિક સીડી પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, વિદ્વાનોના પ્રવચનો, ધાર્મિક શિક્ષણ વર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

નિમંત્રણ પત્રિકા–લેખનવિધિ તા. ૧૮-૨-૨૦૧૮ રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક
પ્રમુખ – શ્રી દિગમ્બર જૈન
સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તથા
સ્થાયી પુરસ્કર્તાઓના જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● બે નય પરસ્પર વિરોધી છે. જો તે એક હોય તો બે નય રહેતી નથી. વ્યવહારનય નથી એમ નથી. પણ વ્યવહારનયથી લાભ થાય તો નિશ્ચયનય રહેતો નથી. પાણી ગરમ થાય છે તેમાં અગ્નિ નિમિત્ત નથી તેમ નથી. પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય તો ઉપાદાન રહેતું નથી. નિશ્ચયની સાથે વ્યવહાર હોતો નથી તેમ નથી, પણ વ્યવહારથી નિશ્ચય થાય તો નિશ્ચય રહેતો નથી. ઉપાદાનના કાર્ય કાળે નિમિત્ત હોય છે પણ નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થતું નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૨૭૪.

● પ્રશ્ન :—આપ ધ્રુવસ્વભાવમાં (ઉપયોગ) લઈ જવાનું વારંવાર કહો છો પણ ધ્રુવસ્વભાવ દેખ્યો હોય તો ઉપયોગ લઈ જવાય ને?

ઉત્તર :—ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે ત્યારે પર્યાયમાં ધ્રુવસ્વભાવ દેખાય ને! લક્ષ કર્યા વિના દેખાય કેમ! ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે નહિ તો તેને ક્યાંથી દેખાય? અંદરમાં લક્ષ યથાર્થ કરે તો ધ્રુવસ્વભાવ તેને દેખાય જ. પર્યાય પાછળ દ્રવ્ય સ્વભાવ પડ્યો છે. ત્યાં નજર કરે તો ધ્રુવસ્વભાવ દેખાય જ. ૨૭૫.

● પ્રશ્ન :—અભેદસ્વરૂપ આત્માની અનુભૂતિ થઈ ગયા પછી વ્રતાદિ કરવાથી શું લાભ છે?

ઉત્તર :—શુદ્ધાત્માનો અનુભવ થયા પછી પાંચમે-છઠ્ઠે ગુણસ્થાને તે તે પ્રકારનો શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. તે શુભ રાગ બંધનું કારણ છે અને હેય છે તેમ જ્ઞાની જાણે છે. શુદ્ધતાની વૃદ્ધિ અનુસાર કષાય ઘટતો જતો હોવાથી વ્રતાદિનો શુભરાગ આવ્યા વિના રહે જ નહિ એવો જ સ્વભાવ છે. ૨૭૬.

● પ્રશ્ન :—પરના લક્ષથી આત્મામાં જવાતું નથી, પણ શાસ્ત્ર વાંચવાથી તો આત્મામાં જવાય છે ને?

ઉત્તર :—શાસ્ત્ર વાંચવાના વિકલ્પથી પણ આત્મામાં જવાતું નથી.


પ્રશ્ન :—તો શાસ્ત્ર વાંચવા નહિ ને?

ઉત્તર :—આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો તેમ પ્રવચનસારમાં કહ્યું છે અને સમયસારની પહેલી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે તારી પર્યાયમાં અનંત સિદ્ધોની સ્થાપના કરીને સાંભળ! એનો અર્થ એ કે તું સિદ્ધસ્વરૂપ છો એવી શ્રદ્ધા-પ્રતીતિ કરીને સાંભળ. સિદ્ધસ્વરૂપમાં દૃષ્ટિ જોડી છે એટલે સાંભળતા અને વાંચતા પણ એ સ્વરૂપમાં એકાગ્રતાની વૃદ્ધિ થશે. ૨૭૭.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૧૮
અંક-૬ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-2-2018
Posted on 1-2-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org